**આજનો સુવિચાર**

ધરતી અને ભાગ્યનો એકજ સ્વભાવ છે જેવું વાવશો તેવું ઉગી નીકળશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૨૧ જૂનાગઢ તા.૦૪-૦૧-૨૦૨૫ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 21, Junagadh : Date : 04 January, 2025, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay



## "PMJAY-મા" યોજના




**હેલ્પલાઈન નંબર:**

યોજના સાથે જોડાયેલી હોસ્પિટલમાં "આયુષ્માન કાર્ડ" હેઠળ આપવામાં આવતી સારવારમાં

કોઈ મુશ્કેલી જણાય તો ૯૨૨૭૭ ૨૩૦૦૫ વ્હોટ્સએપ નંબર પર સંપર્ક કરશો

નોંધ: રાજ્ય સરકાર દ્વારા "આયુષ્માન કાર્ડ" અંતર્ગત ₹ ૧૦ (દસ) લાખ સુધીની કેશલેસ સારવાર આપવામાં આવે છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર


# સમગ્ર ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસ સાથે હાડ થીજાવતી ઠંડી : દિલ્હીમાં વિઝીબીલીટી શૂન્ય

નવી દિલ્હી તા.૪

તીવ્ર ઠંડી ઉપરાંત, ગાઢ ધુમ્મસ પણ મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિત દેશના ૧૪ રાજ્યોને ભારે અસર કરી રહ્યું છે. હરિયાણા સતત ચોથા દિવસે ગાઢ ધુમ્મસની ઝપેટમાં છે.

પાણીપત અને પંચકુલામાં વિઝિબિલિટી શૂન્ય હતી. તેમજ, પંજાબમાં પણ, અમૃતસર અને પઠાણકોટમાં ઝીરો વિઝિબિલિટી નોંધવામાં આવી હતી. અમૃતસર એરપોર્ટ પર ઘણી ફ્લાઈટ્સ કેન્સલ અને ડાયવર્ટ કરવામાં આવી હતી.

દિલ્હીમાં ધુમ્મસ અને ઝાકળની અસર જોવા મળી હતી. ગાઢ ધુમ્મસને કારણે શનિવારે સવારે મેરઠમાં વિઝિબિલિટી શૂન્ય રહી હતી. જેના કારણે ઘણી ટ્રેનો મોડી પડી હતી. ટ્રેનો તેમના નિર્ધારિત સમય કરતા મોડી દિલ્હી સ્ટેશન પહોંચી હતી.

રાજસ્થાન અને મધ્યપ્રદેશના ઘણા જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઘટીને ૧૦૦ મીટર થઈ ગઈ હતી. હવામાન વિભાગે કહ્યું છે કે આવતીકાલે રાજસ્થાનના કેટલાક જિલ્લાઓમાં વરસાદ પડી શકે છે, પરંતુ મધ્યપ્રદેશમાં વરસાદની કોઈ શક્યતા નથી.

બીજી તરફ હિમાચલના ૭ જિલ્લામાં આજે હિમવર્ષાનું એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર જમ્મુ-કાશ્મીર અને લદાખમાં પણ હિમવર્ષા અટકશે નહીં. આ રાજ્યોમાં હિમવર્ષાના કારણે ઉત્તર ભારતના રાજ્યોમાં તાપમાન વધુ ઘટી શકે છે.

### અમેરીકાના રાષ્ટ્રપતિ પદે

# શપથવીધી પહેલા જ ટ્રમ્પને પોર્નસ્ટાર કેસમાં અદાલત સજા સંભળાવશે



વોશિંગ્ટન તા.૦૪

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના શપથ ગ્રહણ પહેલા એક નવી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. NYT અનુસાર, પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને મોઢું બંધ રાખવા માટે પૈસા ચૂકવવાના કેસમાં ટ્રમ્પને ૧૦ જાન્યુઆરીએ સજા સંભળાવવામાં આવશે. શુક્રવારે, આ કેસના જજ જુઆન માર્કોને કહ્યું કે ટ્રમ્પ સજા સંભળાવતી વખતે વ્યક્તિગત રીતે અથવા વર્ચ્યુઅલ રીતે કોર્ટમાં હાજર રહી શકે છે.

ગત વર્ષે મે મહિનામાં મેનહટન કોર્ટે ટ્રમ્પ સામે ૩૪ આરોપો ઘડ્યા હતા, જેમાં પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને મોઢું બંધ રાખવા માટે પૈસા આપવાનો આરોપ પણ સામેલ છે. આ પૈસા એટલા માટે આપવામાં આવ્યા હતા કે સ્ટોર્મી ટ્રમ્પ સાથેના તેના સેકસુઅલ રિલેશનને જાહેર ન કરે.

આ એક ગેરકાયદેસર રાજકીય હુમલો અને છેતરપિંડી સિવાય બીજું કંઈ નથી. આ આપણા બંધારણની વિરુદ્ધ છે.

ટ્રમ્પના પ્રવકતા સ્ટીવન ચ્યુંગે આ નિર્ણયની નિંદા કરતા કહ્યું કે તે સુપ્રીમ કોર્ટના ઈમ્યુનિટી ડિસીજન અને કાયદાશાસ્ત્રનું સીધું ઉલ્લંઘન છે. આ ગેરકાયદે મામલો ક્યારેય કોર્ટમાં લાવવામાં આવ્યો ન હતો. બંધારણની માંગ છે કે તેને તાત્કાલિક ફગાવી દેવો જોઈએ.

# કેનેડામાં રહેતા ભારતીયો રંગભેદનો ભોગ બની રહ્યા છે રેફયૂજી કહીને ઉતારી પાડવાનો કિસ્સો બહાર આવ્યો

અમદાવાદ, તા. ૪

હોંશે-હોંશે વિદેશ જતાં ભારતીયોને ઘણીવાર રેસીઝમનો ભોગ બનવું પડતું હોય છે અને હવે આવી ઘટનાઓ સતત વધી રહી છે. ખાસ કરીને કેનેડામાં સૌથી વધારે સંખ્યામાં રહેતા ભારતીયોનું હવે ત્યાંના લોકલ લોકો ઘણીવાર અપમાન પણ કરી નાખે છે અને પાછલા કેટલાક દિવસોમાં આવી ઘટનાના અમુક વિડીયો પણ ખાસ્સા વાયરલ થયા હતા.

ભારતીયો સાથે કરાતા ભેદભાવ કે પછી તેમને રેફ્યુજી કહીને ઉતારી પાડવાનો વધુ એક વિડીયો હાલ એક્સ પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં કેનેડાના કોઈ શહેરના રસ્તા પર ઉભેલા પાંચ ભારતીય સ્ટૂડન્ટ્સનો વિડીયો લઈ રહેલો એક વ્યક્તિ એવું કહેતા સાંભળી શકાય છે કે જુઓ ઈન્ડિયાથી રેફ્યુજીસ અહીં આવી ગયા અને તેના માટે જસ્ટિન ટ્રુડો જવાબદાર છે.

વિડીયો શૂટ કરનારો વ્યક્તિ એવું પણ કહે છે કે, ભારતથી આવી રહેલા લોકોને કારણે કેનેડાની વસ્તી વધી રહી છે, ૧૯૯૮માં કેનેડાની વસ્તી ૨૪ મિલિયન હતી જે હવે વધીને ૪૪ મિલિયન થઈ ગઈ છે અને તેમાંના મોટાભાગના ભારતીયો છે.

### મધ્યપ્રદેશના સતનામાં આવેલા પ્રખ્યાત વેંકટેશ મંદિરની ઘટના

# બે યુવતિઓએ મંદિરમાં અસ્લીલ ડાન્સ કરી વિડીયો વાયરલ કરતા હિન્દુ સંગઠનો ભડકયા



સતના, તા.૪:

રીલ બનાવવાનું વ્યસન યુવાનોને ઘેલું લગાડયું છે. આ નવા યુગના યુવાનો જ્યાં પણ જાય છે, ત્યાંની સજાવટનો આદર કર્યા વિના રીલ બનાવવાનું શરૂ કરે છે. જેના કારણે લોકો મૂર્ખતાથી બચતા નથી. કેટલાક પોતાના જીવનને દાવ પર લગાવી રહ્યા છે તો કેટલાક અન્યના જીવનને દાવ પર લગાવી રહયા છે. ઘણા લોકો એવા છે જે રીલ માટે રસ્તાની વચ્ચે અશ્લીલતા કરતા જરાય શરમાતા નથી. હાલમાં જ મધ્યપ્રદેશના સતનાથી આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેણે ભારે ખળભળાટ મચાવી દીધો છે.

વાસ્તવમાં, સતનાના પ્રાચીન અને પવિત્ર વેંકટેશ લોક મંદિરમાં બે છોકરીઓના અભદ્ર ડાન્સ પર વાયરલ રીલને કારણે વિવાદ ઉભો થયો છે. કેટલીક છોકરીઓ મંદિરની અંદર અભદ્ર ગીતો સાથે રીલ બનાવી રહી હતી, જેનાથી ભક્તોમાં રોષ ફેલાયો હતો. મંદિર સંકુલ માત્ર પિકનિક સ્પોટ બની ગયું છે, જ્યાં દિવસભર અસામાજિક તત્વો ભેગા થાય છે. હિન્દુ સંગઠનોનું કહેવું છે કે આવી ગતિવિધિઓથી ધાર્મિક આસ્થાનું અપમાન થઈ રહ્યું છે. હિન્દુ સંગઠને તેને ગંભીર ચિંતાનો વિષય ગણાવ્યો છે અને મંદિરમાં આવી પ્રવળત્તિઓ પર કડક પ્રતિબંધ લગાવવાની માંગ કરી છે.


**રોટ.. રોટ.. રોટ..**

પવિત્ર રજબ મહિના નિમિત્તે રોજે રોજનું તાજુ રોટ મળશે.

**નારાયણ બેકરી**

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે

:: કોન્ટેક ::

મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫


# દરિયા કિનારો માપવાની નવી આધુનિક પધ્ધતિ અપનાવાતા ભારતના દરિયાકિનારામાં ૪૮ ટકાનો વધારો : ગુજરાતની કોસ્ટલાઈન સૌથી લાંબી

નવી દિલ્હી તા.૦૪ :

જો તમોને કોઈ કહે કે ભારતમાં કોસ્ટલાઈન એટલે કે દરિયાકિનારો વધી ગયો છે તો આશ્ચર્ય થશે. વિશ્વભરમાં દરિયા-સમુદ્રના પાણી આગળ ધસી રહ્યા છે અને એકાદ દશકામાં ન્યુયોર્ક સહિતના શહેરો પર જોખમ છે તેવા અહેવાલ છે તે વચ્ચે ૫૩ વર્ષમાં ભારતની દરિયાની લંબાઈ ૪૮ ટકા જેટલી વધી છે અને તેમાં ગુજરાતમાં સૌથી વધુ વધારો નોંધાયો છે.

૧૯૭૦માં ભારતના દરિયા કિનારાની લંબાઈ ૭૫૧૬ કીમી હતી જે ૨૦૨૩-૨૪માં ૧૧૦૯૮ કીમીની થઈ છે અને તેમાં ગુજરાત પશ્ચિમ બંગાળ- ગોવામાં સૌથી વધુ વધારો થયો છે. જયારે પોંડીચેરીમાં દરિયાની લંબાઈ ૧૦.૪% ઘટી છે. વાસ્તવમાં આ દરિયાની લંબાઈ વધી છે તેનું મુખ્ય કારણ તે માપવાની પદ્ધતિ બદલાઈ છે અને નવી આધુનિક પદ્ધતિથી ખાસ કરીને જે દરિયાઈ ખાડી વિસ્તારો છે તેને કુલ લંબાઈ સાથે જોડી દેવાયા છે.

અનેક સ્થળોએ દરિયાની અંદર અને બહારના એરિયામાં જે ખાડી જમીનના કોહરામ છે તેને અત્યાર સુધી માપવામાં સામેલ કરવામાં આવતુ ન હતું. ફકત સીધી કિનારાની જ લંબાઈ માપવામાં આવતી હતી. ગુજરાતમાં દરિયાઈ કિનારાની લંબાઈ ફરીથી માપવામાં આવી રાજયને દરિયા ક્ષેત્રમાં ખાડીનું પ્રમાણ સૌથી વધુ છે.

# મણીપુરમાં ફરીવાર હિંસા ભડકી : કલેક્ટર કચેરી પર હુમલો, એસપી ઘાયલ



ઈમ્ફાલ, તા.૪:

મણિપુરમાં વર્ષ ૨૦૨૫ શાંતિપૂર્ણ પસાર થવાની આશા પર પાણી ફરી વળ્યું છે. જેમાં વર્ષની શરૂઆતમાં ફરી એક વાર હિંસા ભડકી ઉઠી છે. કુકી બળવાખોરો ઘાટીના કાંગપોકપી શહેરમાં પ્રવેશ્યા છે. તેમજ શહેરમાં જિલ્લા કલેક્ટરનીઓફિસ પર પણ હુમલો કર્યો છે. આ અથડામણમાં મણિપુર પોલીસના એસપી ઘાયલ થયા હતા. હિંસાને કારણે કાંગપોકપી જિલ્લામાં સ્થિતિ વધુ વણસી છે. પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. આ હુમલા બાદ સ્થિતિ અત્યંત તંગ બની ગઈ છે.


**ધમાકા એક્ષચેન્જ ઓફર**

**તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ**

**આ ઓફર ટુંક સમયમાં માટે જ છે**




PARDAWALA

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

**જો હા... તો હવે**

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

**સી.સી. પડદાવાલા**

તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)




**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**

**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



**CARE+ LABORATORY**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7

8005 70 8005

**અમારી બીજી બ્રાન્ચ**

અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**

- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +

- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,ક્લોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5060/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત


(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )

અન્યો માટે રાહતદરે સારવાર

**હરિ-કલા** યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



**ઉપલબ્ધ સેવાઓ :**

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# જૂનાગઢનાં ચાંદની રેપ અને મર્ડર કેસનો આરોપી મહેશ ભુજ જેલમાંથી ફરાર : ચકચાર

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢ નજીક આવેલા જંગલમાં આજથી ૧૭ વર્ષ પહેલા ચાંદની હત્યા કેસના બનાવે ભારે ખળભળાટ મચાવી દીધો હતો. આ કેસના આરોપી ભુજ જેલમાંથી ફરાર થયો હોવાના બનાવને પગલે સનસનાટી મચાવી દીધી છે. આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર રાજ્યમાં ભારે ચકચાર જગાવનાર જૂનાગઢમાં ૨૦૦૭ના ચાંદની હત્યા કેસમાં શહેરની ખાસ ગણાતી પાલારા જેલમાં છેલ્લા સાડા પાંચ વર્ષથી સજા ભોગવી રહેલો પાકા કામનો કેદી ફરાર થઈ ગયો છે. આરોપી હાઈકોર્ટના હુકમથી સાત દિવસના વચગાળાના જામીન ઉપર મુક્ત થયો હતો જે બાદ પરત હાજર ન થતા તેને શોધવા પોલીસ વિભાગ દોડતું થયું છે. પ્રાપ્ત વિગતો મુજબ મુળ જૂનાગઢના બીલખા રોડ ઉપર રહેતો આરોપી મહેશ ઉર્ફે ભદો મુળજી ચૌહાણ ભુજની પાલારા જેલમાં છેલ્લા સાડા પાંચ વર્ષથી હત્યા અને બળાત્કારના ગુનાની સજા ભોગવતો હતો. આરોપી મહેશે સહ આરોપી મોહન હમીર ગોહેલ સાથે મળી વર્ષ ૨૦૦૭માં જૂનાગઢની ઉપલા દાતારના જંગલમાં બનાવને અંજામ આપ્યો હતો. રાજકોટની ૧૫ વર્ષીય ચાંદની અને તેની બહેનપણીને જંગલમાં લઈ જઈ ચાંદનીની હત્યા નીપજાવી તેની બહેનપણી ઉપર બળાત્કાર કર્યો હતો. જે ઘટનાના રાજ્યભરમાં ઘેરા પડઘા પડ્યા હતા. જે ગુનામાં પાકા કામના કેદી તરીકે રહેલો આરોપી મહેશ હાઈકોર્ટના હુકમથી સાત દિવસના વચગાળાના જામીન ઉપર છુટ્યો હતો. ૨૬ નવેમ્બરના પાલારા જેલમાંથી નીકળ્યા બાદ આરોપીને ૪ ડીસેમ્બરના પાલારા જેલમાં પરત હાજર થવાનું હતું. પરંતુ આરોપી જેલમાં હાજર ન થઈ ફરાર થઈ ગયો હતો. જેથી પાલારાના જેલર ગ્રુપ-૨ના એ.જી.વ્યાસે આ મામલે ભુજ શહેર બી ડીવીઝન પોલીસ મથકે પ્રિઝન એક્ટ તળે ગુનો નોધાવ્યો છે. આરોપીને ઝડપી લેવા જૂનાગઢ એ ડીવીઝન પોલીસ મથકે પણ જાણ કરવામાં આવી છે.

# માંગરોળ ખાતે પોલીસ વિભાગ અને શહેરીજનોના સહયોગથી “માનવતાની મહેક” નામે માનવતાની દિવાલ શરૂ કરાય




(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૪

માંગરોળ ખાતે પોલીસ વિભાગ અને શહેરીજનોના સહયોગથી માનવતાની મહેક નામે માનવતાની દિવાલ શરૂ કરાય છે. જેમાં જીલ્લા પોલિસ વડા હર્ષદ મહેતા, ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગટીયા તેમજ મામા સરકારનાં હસ્તે ખુલ્લુ મુકાયું હતું. આ તકે હિન્દુ-મુસ્લિમ આગેવાનો પણ ઉપસ્થિત રહેલ હતા. લોક ઉપયોગી માનવતાની મહેકમાં શહેરીજનો દ્વારા પોતાની બીન જરૂરી ચીજ વસ્તુઓ જેવા કે કપડા, બુટ,ચપ્પલ, ચોપડાઓ બાળકોના રમકડાં જેવી સામગ્રી તેમજ પ્રસંગો તેમજ તહેવારોમાં ખાવા-પીવાની સામગ્રી રાખી શકશે. જેથી જરૂરીયાતમંદો આવી પોતાની ઉપયોગીતા પુર્ણ કરી શકે, આ માનવતાની મહેકનું વ્યવસ્થા રૂપે સંચાલન પોલીસ વિભાગ કરશે તેમ પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, શહેર ભાજપ પ્રમુખ લિનેશભાઈ સોમૈયા, સમગ્ર ઘાંચી મુસ્લિમ સમાજના પ્રમુખ મો. હુશેન ઝાલા, હનીફભાઈ પટેલ તેમજ હિન્દુ તેમજ મુસ્લિમ સમાજના અગ્રણીઓ, ડોક્ટર, માંગરોળ ડીવાયએસપી કોડીયાતર, પુર્વ ડીવાયએસપી બી.ડી. વાઘેલા, પી.આઈ. દેસાઈ, પીઆઈ સામળા, પીઆઈ ચોરવાડ સમીર મંધરા, શીલ પીએસઆઈ સોલંકી, માળિયાના પીએસઆઈ સુમરા, માંગરોળ માળિયાના પોલીસ સ્ટેશન સ્ટાફ તેમજ શહેરનાં પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નગર સ્વર રમેશભાઈ જોષી દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમ બાદ મહાનુભાવોએ શ્રી ગોપાલ કૃષ્ણા ગૌ શાળાની મુલાકાત કરેલ હતી.

# જૂનાગઢના ગાંધીગ્રામમાં મોડી રાત્રીએ સિંહના આંટાફેરાથી લોકોમાં ભય



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં સિંહના આંટાફેરા વધી ગયા છે અને જેને લઈને લોકોમાં ભયનો માહોલ ઉભો થયો છે. ગઈકાલે મોડી રાત્રે પણ ગાંધીગ્રામ અને સંજયનગર વિસ્તારમાં એક સિંહે દેખા દીધી હતી અને જેને લઈને ભયની લાગણી લોકોમાં છવાઈ હતી.

છેલ્લા કેટલાક સમયથી જૂનાગઢ શહેરના ધરાનગર, ભવનાથ વિસ્તાર, મધુરમ, ટીંબાવાડી અને આસપાસના વિસ્તારોમાં અવાર-નવાર સિંહ-સિંહણ અને તેમના પરિવાર આવી ચડતો હોય અને ક્યારેક પશુઓનું મારણ પણ કરતા હોવાના બનાવો વારંવાર બને છે. જોકે અત્યાર સુધીમાં સદભાગ્યે કોઈ લોકોને ઈજા પહોંચાડી નથી. વન વિભાગનું એવું કહેવું છે કે, સિટી ગ્રુપ એટલે સિંહ-સિંહણનો જે પરિવાર છે જે ચોક્કસ વિસ્તારમાં વસવાટ કરે છે અને દેખા દે છે તે સિટી ગ્રુપ અને બીજુ સિટી ગ્રુપમાંથી છુટુ પડેલું ગ્રુપ પણ વારંવાર દેખા દે છે. આ દરમ્યાન મોડી રાત્રે ગાંધીગ્રામ વિસ્તારમાં સિંહના આંટાફેરા થયાનો બનાવ બનવા પામ્યો હતો. ગઈકાલે મોડી રાત્રીના ગાંધીગ્રામના સંજયનગરમાં સિંહ જોવા મળ્યા હતા. એક સિંહ શિકારની શોધમાં નીકળ્યો હોય તેમ સંજયનગરના રોડ ઉપર દેખાયો હતો. બાદમાં થોડો સમય ઉભો રહી તેમણે ચાલતી પકડી હતી અને આ સિંહ આગળ ગયો હતો અને ત્યાં બે સિંહો જોવા મળ્યા હતા. આ તમામ સિંહો આગળ દોડી જતા રહ્યા હતા. જૂનાગઢ શહેરમાં વિવિધ રહેણાંક વિસ્તારોમાં સિંહોના આંટાફેરાથી સ્થાનિક લોકોમાં ભય ઉભો થાય છે.

# ૬ જાન્યુઆરી, “ગુરૂ ગોવિંદસિંહ જયંતી”



૬ જાન્યુઆરીએ ધાર્મિક સામાજિક ચેતનાના પૂંજ, મહાન તપસ્વી, મહાન યોદ્ધા, મહાન કવિ, રાષ્ટ્રીય એકતાનો આદર્શ આપનાર, ભક્તિ અને શક્તિનો સુમેળ સાધી પ્રજામાં સ્વાભિમાન અને સ્વધર્મ સન્માન માટે મરી ફીટવાની ભાવના જગાડનાર, સર્વવંશદાની એવા શીખ ધર્મના દસમા ગુરૂ ગોવિંદસિંહજીનો ૩૫૮ મો જન્મદિવસ છે. તેમણે ભારતના પૂર્વાંચલમાં ગંગાતટે સ્થિત ઐતિહાસિક નગર પાટલીપુત્ર-પટનામાં માતા ગુજરીજી અને પિતા ગુરૂ તેગબહાદુરજીને ત્યાં જન્મધારણ કર્યો અને દક્ષિણમાં નંદગિરિ-નાંદેડમાં દેહલીલા સંકેલી. ઉત્તરમાં હિમાલયની શ્રૃંખલાઓમાં આવેલ હેમકુટથી લઈ દક્ષિણમાં ગોદાવરીના તટ સુધી તેમની જીવનયાત્રાનાં પ્રસંગો વણાયેલા છે. તેમની જીવનયાત્રા વાસ્તવમાં ભારતની વિવિધતામાં સમાયેલી ભાવનાત્મક એકતા, સાંસ્કૃતિક ચેતના અને રાષ્ટ્રીયતાનું પ્રતીક છે. તેમણે દેશની પ્રજાને અત્યાચારોમાંથી મુક્તિ અપાવવા માટે ઘણા પ્રયાસો કર્યા હતા જયારે તેમને ખાતરી થઈ કે માત્ર ભક્તિ કે બલિદાન દ્વારા ધર્મનું રક્ષણ નહીં થઈ શકે ત્યારે ભક્તિ સાથે શક્તિનો સુમેળ સાધ્યો અને એક એવી પ્રજા તૈયાર કરવાની શરૂઆત કરી જે અન્યાય અને અત્યાચારનો સામનો પૂરી શૂરવીરતાથી કરે. તે એક મહાન કવિ હતા. તેમણે પંજાબી, ફારસી, અવધિ, વ્રજ જેવી ભાષાઓની રચના કરી છે. તેમની રચનાઓમાં જાપસાહેબ, ચોબીસ અવતાર, વિચિત્ર નાટક, શસ્ત્ર નામ માલા જેવી અનેક રચનાઓ છે. દસમ ગ્રંથ ગુરૂજી દ્વારા રચિત મહાન ગ્રંથ છે. તેમની રચનાઓમાં ઈશ્વરની સ્તુતિ છે. તેઓ કહેતા કે ‘વચન કર કે પાલના’ એટલે કે જો તમે કોઈને વચન આપ્યું છે તો તેને દરેક કિંમતે નિભાવવુ જોઈએ, ‘કોઈની નિંદા, ચાડી અતૈ ઈર્ખા નૈ કરના’ એટલે કોઈની ચુગલી કે નિંદા કરવાથી આપણે બચવુ જોઈએ અને કોઈની ઈર્ષા કરવાને બદલે મહેનત કરવાથી ફાયદો થાય છે, ‘કમ કરન વિચ દરીદાર નહી કરના’ અર્થાત કામમાં ખૂબ મહેનત કરો અને કામને લઈને બેદરકારી ન રાખો. દસમી પાતશાહી એટલે શ્રી ગુરૂ ગોવિંદસિંહજી મહારાજ વિષે આજે પણ એવી માન્યતા છે કે તેઓ ક્યારેય મૃત્યુ પામ્યા જ નથી. આજે પણ તેઓ હાજરાહજૂર છે. એક દિવસ એક જંગલમાં તેઓ પોતાના ઘોડા સાથે જ અલોપ થઈ ગયા અને ત્યારબાદ તેમનાં દર્શન કોઈને થયા નથી છતાં આજે પણ લોકો તેમની પૂજા કરે છે અને તે દુનિયામાં હાજર જ છે તેવું માને છે. શીખ ધર્મમાં કલગીધર મહારાજને ખુબ માન આપવામાં આવે છે.

- મિત્તલ ખેતાણી

(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# માંગરોળ સબ જેલમાં ચેકીંગ દરમ્યાન ૪ મોબાઈલ ઝડપાતા અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરીયાદ


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

માંગરોળ સબ જેલમાં સરપ્રાઈઝ ચેકીંગ દરમ્યાન અલગ અલગ બેરેકમાંથી ૪ મોબાઈલ મળી આવતા અજાણ્યા શખ્સો વિરૂધ્ધ માંગરોળ પોલીસ મથકે નાયબ મામલતદાર (એડીશ્નલ) ઓનરરી લોકઅપ સુપ્રીટેન્ડેન્ટે ફરીયાદ નોંધાવી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસ મથકે બે.એચ.બોરીચા નાયબ મામલતદાર (એડીશ્નલ) ઓનરરી લોકઅપ સુપ્રીટેન્ડેન્ટે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરિયાદી માંગરોળ સબ જેલના ઓનરરી લોકઅપ સુપ્રીટેન્ડેન્ટે સાથેના જેલ ગાર્ડ પોલીસ કર્મચારીઓ સાથે જેલની સરપ્રાઈઝ સઘન ઝડતી કરતા માંગરોળ સબ જેલના અલગ અલગ બેરેક નં.૧માંથી કુલ બે મોબાઈલ એક એન્ડ્રોઈડ મોબાઈલ ઓપ્પો કંપનીનો બ્લુ કલરની એન્ડ્રોઈડ મોબાઈલ જેમાં જીઓ સીમકાર્ડ પર લખેલ નંબર ૮૯૯૧૮ ૫૭૦૪૦ ૦૭૫૬૬ ૬૧૬૨૪ જે મોબાઈલની કિ.રૂ કિ.રૂ.૨૦૦૦/- તથા બીજો હીરો કંપનીનો કાળા કલરનો કીપેઈડ વાળો મોબાઈલ જેમાં આઈ સીમકાર્ડ પર લખેલ નંબર ૮૯૯૧૦ ૨૭૫૯૦ ૪૭૬૩ ૫ SS જે મોબાઈલની કિ.રૂ.૫૦૦/- તથા બેરેક નં.૨ની અંદરથી એન્ડ્રોઈડ મોબાઈલ જેમાં આઈ સીમકાર્ડ પર લખેલ નંબર ૮૯૯૧૦૨૭૩૧૦ ૨૦૨૦૭ ૭૨૨૦ ૬ GE જે મોબાઈલની કિ.રૂ.૨૦૦૦/ તથા સફેક કલરનો કીપેડ મોબાઈલ જેમા વી.આઈ. સીમકાર્ડ પર લખેલ નંબર ૮૯૯૧૦ ૨૭૩૧૦ ૨૦૧૮૧ ૬૩૮૫ ૫ GE જે મોબાઈલની કી.રૂ.આશરે ૫૦૦/- એમ કુલ ૦૪ મોબાઈલની આશરે કિ.રૂ.૫૦૦૦નો મુદામાલ બીનવારસુ મળી આવતા જેલમાં કોઇ અજાણ્યા ઈસમએ પ્રતિબંધીત ચીજવસ્તુ જેલમાં પહોચાડયાની ફરીયાદ નોંધાવતા માંગરોળ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પવિત્ર ધનુર્માસ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ દાદાને રંગબેરંગી સેવંતીના ફુલો વડે મોરનો દિવ્ય શણગાર ધરાવવામાં આવ્યો



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૪

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસ નિમિત્તે તા.૪-૧-૨૦૨૫નને શનિવારના રોજ સાળંગપુરમાં શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને રંગબેરંગી સેવંતીના મિક્સ ફુલો વડે મોરનો દિવ્ય શણગાર કરાયો છે. આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી અને સવારે ૭:૦૦ કલાકે શણગાર પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે રંગબેરંગી સેવંતીના ફુલો વડે મોરનો દિવ્ય શણગાર કરાયો છે. દાદાને સિલ્કના વાઘા મયૂરપંખની ડિઝાઈનના ધરાવવામાં આવ્યા છે. દાદાને હીરાજડિત મુગટ ધરાવવામાં આવ્યો છે, આજે શનિવારે મોટી સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.સાથોસાથ મંદિરની યજ્ઞશાળામાં મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર ધનુર્માસ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર આયોજીત સાળંગપુરધામમાં પારિવારિક શાંતિ માટે મંદિરના પટાંગણમાં યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન તા.૧૬-૧૨-૨૦૨૪ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવ્યું છે. યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞ સવારે ૭ થી ૧૨ અને સાંજે : ૩ થી ૬ કલાક દરમ્યાન પવિત્ર ભૂદેવો વડે પૂજન-અર્ચન-આરતી કરવામાં આવી રહ્યા છે.

# જૂનાગઢ મસ્જીદે રઝામાં ખ્વાજા ગરીબે નવાઝની છઠ્ઠી શરીફ નિમિતે શાનદાર જલ્સાનું આયોજન

જૂનાગઢ તા.૪

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં તા. ૭-૧-૨૦૨૫ મંગળવારે સવારે ૮-૩૦ થી ૧૦-૦૦ વાગ્યા સુધી સુલ્તાનુલ હિન્દ હુઝૂર ખ્વાજા ગરીબે નવાઝ રદીઅલ્લાહુ તઆલા અન્હુની છઠ્ઠી શરીફ નિમિતે શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સરકાર ગરીબ નવાઝના કુલ શરીફ, ખત્મે ખ્વાજગાં, શજરા શરીફ, નાત શરીફ બાદ પીરે તરીકત, હુઝુર ગુલઝારે મિલ્લત, હઝરત અલ્લામાં અલ્હાજ ગુલઝાર અહમદ સાહબ નૂરી બાબા (સજ્જાદાહનશીન ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ) તેમના અનોખા અંદાઝમાં સીરતે ગરીબ નવાઝ પર શાનદાર તકરીર ફરમાવશે. સલાતો સલામ દુઆએ ખૈર બાદ નાસ્તાનું આયોજન કરવામાં આવેલ છે. આ જલ્સામાં સર્વે મુસ્લીમ બિરાદરોને બહોળી સંખ્યામાં હાજરી આપવા ખાનકાહે રવિય્યાહ નૂરીય્યાહની યાદીમાં જણાવાયુ છે.


નવુ વૃધ્ધાશ્રમ ચાલુ કરેલ છે

નવુ વૃધ્ધાશ્રમ ચાલુ કરેલ છે જેનું નવું સરનામું નોંધી લેશો. મુરલીધર સોસાયટી નં.૨, “શ્રધ્ધા” નારણ ચોક, જૂનાગઢ

વૃધ્ધાશ્રમ

મો. ૬૩૫૨૦ ૧૯૪૫૮

રોયલ ગેસ સ્ટવ

૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા

દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ

રોયલ ગેસ સ્ટવ

એક્સચેન્જ ઓફર નો લાભ મળશે

જુના ચુલાનું વળતર મળશે

ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે

માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ

મો.૮૮૬૬૦ ૨૭૬૧૩


સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ

વિજય ઘી ડીપો

શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે

વિજય ઘી ડીપો

ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.

મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

સ્વાદનો ચટકો !

અમારે ત્યાંથી

● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો

● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ

● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ

● સેવપુરી ● લસણીયા બટેટા

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::

લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

જલારામ પાણીપુરી

પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.

જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

બેકરી શો-રૂમમાં કામ કરી શકે

અનુભવી માણસોની જરૂર છે

બહુ જ સારો પગાર મળશે

નારાયણ બેકરી

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીલ આઈસ્ક્રીમ

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

ક્રીમ લચ્છી

સન્ડે આઈસ્ક્રીમ

ક્રિમ મિલ્ક સેઈક

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

વંદના બેકરી

તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# ઓલ ઇન્ડિયા યુનિવર્સિટી યોગાસન આર્ટિસ્ટિક ઇન્ડિવીઝુલમાં સુવર્ણ ચંદ્રક મેળવનાર શાહનવાઝ દાઉદભાઇનું ઉષ્માભેર સ્વાગત

## અખીલ ભારતિય યુનિ. રમતોત્સવમાં ગોલ્ડમેડઇ મેળવી શાહનવાનઝે ગુજરાતનું ગૌરવ વધાર્યુ : પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી, કુલપતિ

જૂનાગઢ, તા.૪

ઓલ ઈન્ડીયા લેવલે ભારતભરની વિવિધ યુનિ.નાં રમતવિરો વચ્ચે KIIT યુનિવર્સિટી ભુવનેશ્વર ખાતે રમતોત્સવ યોજાયો હતો. જેમા યોગાસન સ્પર્ધામાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢનાં રમતવિર શાહનવાઝ દાઉદભાઈ વાઝાએ યોગાસન સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં દેશભરમાંથી આવેલા પ્રતિસ્પર્ધીઓને મ્હાત કરી વંથલી આર્ટસએન્ડ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી શાહનવાઝે ઉત્કૃષ્ઠ સિધ્ધી હાંસલ કરી જ્યારે ભુવનેશ્વરથી જૂનાગઢ રેલ્વે સ્ટેશને આગમન થયુ ત્યારે યુનિ.નાં ફીજીકલ એજ્યુકેશન સેલનાં કો-ઓર્ડીનેટર પ્રો.(ડો.) જયસિંહ ઝાલા, બોર્ડ ઓફ સ્પર્ટસનાં સભ્ય અને કોમર્સ કોલેજનાં આચાર્ય ડો. મગનભાઈ ત્રાડા, વંથલી કોલેજનાં આચાર્ય રાજેશ ડોડીયા, ઈન્ચાર્જ સ્પોર્ટસ ડાયરેક્ટર સલીમભાઈ સીડા, જૂનાગઢનાં રમતપ્રેમી પ્રબુધ્ધ નગરજનો, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં રમત-



ગમત વિભાગિય અધિકારીઓ, અને શાહનવાઝના માતા-પિતા અને બહેન તેમજ પરિવારજનો, કોલેજનાં સાથી વિદ્યાર્થી અને ગુરૂજનોએ પુષ્પ-શાલ અર્પણ કરી બહુમાન કર્યુ હતુ.

અત્રે ઉલ્લેખનિય છે કે ભુવનેશ્વર ખાતે આયોજીત રમતોત્સવમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં એથ્લેટીકસ સહિતની સમતોમાં ભાગ લઈ કૌવત નિખાર્યુ હતુ. કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ ડાભી શાહનવાઝને યોગ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત થવાથી અભિનંદન પાઠવ્યા હતા. ભક્તકવિ નરસીંહ મહેતા યુનિ.નાં વિદ્યાર્થીએ સમસ્ત ભારતભરનાં યોગ સ્પર્કોની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થવો એ ગુજરાતનું ગૌરવ ગણાવ્યુ હતુ.

# જૂનાગઢ મહાનગરપાલિકાના ઝોનકક્ષાનો કલા મહાકુંભ સ્પર્ધાનો શુભારંભ

જૂનાગઢ, તા.૪

જૂનાગઢ મહાનગર-પાલિકાના ઝોનકક્ષાનો કલા મહાકુંભ સ્પર્ધાનો શુભારંભ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા એ કરાવ્યો હતો.



ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી જૂનાગઢ સંચલિત શ્રીમતી આર. જે. કનેરીયા ગર્લ્સ હાઈસ્કૂલ, જૂનાગઢના સહયોગથી ઝોન કક્ષા કલા મહાકુંભ ૨૦૨૪-૨૫ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ઝોન નં. ૫ ની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ, યુવક-યુવતિઓએ વકતૃત્વ, નિબંધ લેખન, ચિત્રકલા, ભરતનાટ્યમ ,એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, રાસ, ગરબા, સુગમ સંગીત, લગ્નગીત , સમુહગીત, લોકગીત/ભજન, તબલા, હાર્મોનીયમ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધાના ઉદઘાટન કાર્યક્રમમાં જૂનાગઢ ધારાસભ્ય સંજય કોરડીયા ,પટેલ કેળવણી મંડળના પ્રમુખ સી.એ. સવજીભાઈ મેનપરા, જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી રતીભાઈ મારડીયા ,કેમ્પસ ડાયરેક્ટર ડૉ. ડી.એ. ડઢાણીયા, એમ.એમ. ઘોડાસરા મહિલા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ડઢાણીયા, કારોબારી સભ્ય દલસાણીયા, છાત્રાલય કેમ્પસ ડાયરેક્ટર એમ.ડી.વાછાણી, જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા, જિલ્લા રમત વિકાસ અધિકારી ભુષણભાઈ યાદવ, કનેરીયા સ્કૂલના પ્રિન્સીપાલ હસમુખાબેન મારવણીયા ઉપસ્થીત રહી, સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરુ પાડ્યુ હતું. આ સ્પર્ધાને સફળ બનાવવા રસીકભાઈ કનેરીયાએ કન્વીનર તરીકેની કામગીરી કરેલ હતી.

# પેરા મીલેટરી ફોર્સમાં એચ.એમ.વી.કોલેજનાં એનસીસીનાં વિદ્યાર્થી પસંદગી પામ્યા



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૪

તાજેતરમાં સ્ટાફ સિલેકશન કમિશન દ્વારા પેરા મીલેટરી ફોર્સનું પરીણામ જાહેર થયેલ તેમાં ઉનાની શ્રી.એચ.એમ.વી. કોલેજનાં એન.સી.સી. વિભાગનાં સાત વિદ્યાર્થીઓ ઉતિર્ણ થયેલ તે કોલેજ તેમજ ઉના તાલુકા માટે ગૌરવની વાત છે. પેરા મિલેટરી ફોર્સમાં પસંદગી પામનાર વિદ્યાર્થીઓમાં ગોહિલ વિરભદ્રસિંહ એલ, ગોહિલ કલ્પેશસિંહ આર, સોલંકી નિલેશ એલ, પરમાર પ્રતાપસિંહ આર, ચારણિયા ધર્મેશ બી, સોલંકી રાજેવજી, સોલંકી જીગર બી. આ સિદ્ધિ મેળવનાર કેડેટસનાં માર્ગદર્શક એન.સી.સી. ઓફિસર પી.એમ. ઘાંઘલા અને પાસ થયેલ કેડેટસને ૮ ગુજરાત બટાલિયનના કર્નલ એસ. પિલાઈ તેમજ કોલેજના ટ્રષ્ટી મંડળ તેમજ સ્ટાફ મેમ્બર્સએ અભિનંદન પાઠવી તેમની આ સિદ્ધિને બિરદાવી છે. અત્રે ખાસ નોંધનીય વાત એ છે, આ વર્ષ દરમ્યાન શ્રી એચ.એમ.વી. કોલેજના એન.સી.સી. યુનિટના ૩૯ વિદ્યાર્થીઓ આર્મી ફોર્સમાં જોડાયેલ છે તે અદ્વિતીય સિદ્ધિ છે.

# શ્રી જગન્નાથજી મંદિર ખાતે હાંડી પ્રસાદ તેમજ ધ્વજાજી અર્પણ કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૪

શ્રી જગન્નાથજી મંદિર ખાતે શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા ભગવાન જગન્નાથજીને હાંડી પ્રસાદ તેમજ ધ્વજાજી અર્પણ કરવામાં આવેલ હતો તેમજ આરતી, દર્શનમાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે રાજુભાઈ ચુડાસમા, નીરૂભાઈ પરમાર, સુરેશભાઈ ભટ્ટી, જનકભાઈ પુરોહિત, નવનીત શાહ, હંસાબેન પરમાર, મીરાબેન ભટ્ટી સહીતનાં ઉપસ્થિત રહ્યા હતા.





## 'સપ્ત સંગીતિ ૨૦૨૫' કલામહોત્સવનો ત્રિવાદ્યકારોના-સંગતેદાર' રંભ..

# 'કલર્સ ઓફ રિધમ' ગ્રુપના વિશ્વ વિખ્યાત વાદ્યકારો ઉસ્તાદ તૌફીક કુરેશીના(જેમ્બે), પં. રામદાસ પલસૂલે (તબલા) અને શ્રી મિલિંદ તુલેંકરના જલતરંગના ત્રિવેણી સંગતે 'સપ્ત સંગીતિ'ના શ્રોતાઓએ... 'વા'...કયા બાત હૈ' થી બિરદાવિયા

## તા.૩ના રોજ પ્રથમ ચરણમાં નંદિની શંકર અને મહેશ રાઘવનની વાયોલિન અને આઈપેડ જુગલબંદી અને બીજા ચરણમાં પદ્મભૂષણ પં. સાજન મિશ્રા અને સ્વરાંશ મિશ્રાનાં ગાયનની પ્રસ્તુતિ





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા. ૪

સપ્તસંગીતિ ૨૦૨૫ સંગીત સમારોહની શુભ શરુઆત પ્રથમ દિવસના પેટ્રન સિમ્પોલો ફાઉન્ડેશન, મોરબીના શ્રી મનસુખભાઈ કૈલા, શ્રી કામિલભાઈ તેમજ શુભેચ્છક ડો. સલોની શાહ અને ડો.નિર્ભય શાહના સહયોગથી સંભવિત થયો હોય, તેમના હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. સપ્તસંગીતિ કલામહોત્સવના પ્રથમ દિવસના કાર્યક્રમના પહેલા ચરણમાં અમદાવાદના સપ્તક સંગીત સમારોહના સ્થાપક અને સંચાલક તથા સપ્તસંગીતિના માર્ગદર્શક એવા સ્વ. વિદુષી મંજુબેન મહેતા કે જેઓનું તાજેતરમાં અવસાન થયેલ છે, તેમને શ્રધ્ધાંજલી આપવાના ઉદેશથી સ્કૂલ ઓફ મ્યુઝિકના તેણીના આઠ શિષ્યોના વૃંદ દ્વારા સિતારવાદન, સંતુરવાદન અને તબલાવાદન રજુ કરીને ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી. અમદાવાદથી પધારેલ આ વૃંદ દ્વારા રાગ જનસંમોહિની ઉપર આધારિત સ્વ. મંજુબેન દ્વારા સ્વરબધ્ધ કરેલી રચના વિલંબિત અને દ્રુત તીનાતાલમાં સંતુર, સિતાર, પખવાજ અને તબલા સાથે ખુબ સુંદર રીતે રજૂ કરી હતી.

કાર્યક્રમના બીજા સેશનની શરુઆત "કલર્સ ઓફ રિધમ" ગ્રુપના કલાકારો એવા વિશ્વ વિખ્યાત સંગીતકાર અને તબલા નવાઝ સ્વ. ઉસ્તાદ ઝાકિર હુસૈનજીના અનુજબંધુ ઉસ્તાદ તૌફીક કુરેશીના જેમ્બે, તાલયોગી પં. સુરેશ તલવલકારજીના વરિષ્ઠ શિષ્ય પં. રામદાસ પલસૂલેના તબલા વાદન અને શ્રી મિલિંદ તુલેંકરના હાર્મોનિયમવાદન પર સ્વ. ઉ. ઝાકીર હુસૈનજીને શ્રધ્ધાંજલી આપવા જુગલબંદી પેશ કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં શ્રોતાગણથી ભરેલું સભાગૃહ જોઈ ઉસ્તાદ તૌફિક કુરશી એ અત્યંત ખુશીની લાગણી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે રાજકોટનો તેઓનો આ પ્રથમ અનુભવ ખરેખર યાદગાર રહેશે. તેમણે સ્પેનિશ અને લેટિન ભાષામાં ઓળખાતી "બોસનોવા" રીધમ રજુ કરી શ્રોતાઓને તાલીના તાલ સાથે વધાવવા મજબુર કરી દીધા હતા. તબલામાં એકલ પ્રસ્તુતિમાં નિયમોના ભાગરૂપે રજૂ કરવામાં આવતી "કાયદા"ની પ્રસ્તુતિ બોલ સાથે રજૂ કરી હતી. ઉસ્તાદ તોફીક કુરેશી અને ઉસ્તાદ રામદાસ પલસુલે સ્વ. ઝાકિર હુસૈન અને ઉસ્તાદ અલ્લારખાજીની પ્રિય અને યાદગાર રચનાઓ રજૂ કરી ખરા અર્થમાં તાલ થકી અંજલી અર્પણ કરી હતી. આ ઉપરાંત ઉ. તૌફિકજી એ ચક્રધાર ફરમાઈશી રજૂઆત કરી હતી. તબલા અને જેમ્બે ની જુગલબંધીએ શ્રોતાઓને પોતાના તાલ પર તાલી પાડવા મજબૂર કરી દીધા હતા. ઉસ્તાદ તોફીક કુરેશી એ તેમની ફૂંકથી તાલના બોલ રજુ કરીને ફેફસાની તાકાતની પરીક્ષા થઈ જાય તેવું જાનદાર પ્રદર્શન કર્યુ હતું.

મધ્યસભાએ રાજકોટમાં સંભવત પ્રથમવાર મિલિંદ તુલેંકરજી એ તેમના નાનાજીની પરંપરાથી ચાલ્યું આવતું ૮૫ વર્ષ જૂનું જલતરંગ વગાડી સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. જલતરંગ વાદ્યથી અજાણ્યા શ્રોતાઓને તેનો પરિચય આપવા માટે જલ તરંગની બનાવટ અને જાળવણીની ઝીણવટભરી માહિતી આપી શ્રોતાઓને તેના જલતરંગ સાથે એક્ય સાધવાની તક આપી હતી. આ ઉપરાંત ટાઈટન સીરામીક ઘડિયાળની ટીવી પર આવતી જાહેરખબર, જેમા તેમણે જ વગાડેલી ધૂન અને બોલીવુડનું પ્રખ્યાત દિલ હે છોટા સા વગાડી શ્રોતાગણને આનંદિત કરી દીધા હતા. અનેક વાદ્યોની જાણકારી ધરાવતા શ્રી મિલીંદે તેની અન્ય પેશકશમાં અલભ્ય રાજસ્થાની વાદ્ય "મોર્સીંગ" રજુ કર્યું હતું, જેમાં ઉ. કુરેશી એ બોલમાં સાથ આપ્યો હતો. શ્રી મિલિંદજીએ જલતરંગ પર રાગ જોગને જોડ, ઝાલા, તાલ સાથે વિલંબિત એકતાલમાં રજૂ કર્યો હતો અને ત્યારબાદ હળવા સંગીતમાં તેણે એ. આર. રહેમાનના જુદા જુદા ગીતોની ઝલક જલતરંગમાં દર્શાવી હતી. સભાના અંતભાગમાં શ્રોતાઓની ફરમાઈશ પર રાગ ભૈરવી આધારિત જુના ફિલ્મી પ્રચલિત ગીતોથી સભાનું સમાપન કર્યુ હતું. પ્રથમ દિવસની સભાના અંતે સૌ કોઈ રાષ્ટ્રગાન પૂર્ણ કરી અને સભાખંડની અદભુત, વિવિધ, વૈવિધ્યસભર રચનાઓ અને પેશકશના સંસ્મરણો વાગોળતા છૂટા પડયા હતા.

**તા. 3 જાન્યુઆરી –**

**શુક્રવારના કલાકારોનો સંક્ષિપ્ત પરિચય**

**Session 01** - નંદિની શંકર અને મહેશ રાઘવનની વાયોલિન અને આઈપેડ જુગલબંદી

નંદિની શંકર (વાયોલિન): પ્રખ્યાત વાયોલિન વાદિકા ડો.એન રાજમ જીના પૌત્રી નંદિની શંકર વાયોલિન પર હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત અને ફ્યુઝન મ્યુઝિકમાં મજબુત પકડ ધરાવે છે. તેણીએ ફકત ત્રણ વર્ષની ઉંમરે સંગીતની તાલીમ મેળવવાનું શરૂ કર્યું અને માત્ર આઠ વર્ષની ઉંમરે જાહેર કાર્યક્રમ આપવાની શરૂઆત કરી હતી. તેમણે માસ્ટર ઈન મ્યુઝિકની સાથે સાથે સી.એ. નો અભ્યાસ પણ કર્યો છે. તેણીએ યુ.એસ.એ, કેનેડા, જર્મની અને ન્યુઝીલેન્ડ વગેરે દેશો કલા પ્રસ્તુત કરી છે. તેણી ભારતના પ્રથમ ઓલ ગર્લ બેન્ડ સખીના કલાકાર રહી ચૂક્યા છે. તેમણે વિદુષી કૌશિકી ચક્રવર્તી સાથે અનેક કાર્યક્રમો આપ્યા છે. હાલમાં તેઓ નિયમિત રીતે મહેશ રાઘવનજી સાથે પણ વાયોલિન જુગલબંદી કરી રહ્યા છે. આ ઉપરાંત તેમના નાનીમા, માતુશ્રી અને બહેન રાગીની સાથે મળીને થ્રી જનરેશનસ ઓફ વાયોલિનના અનેક કાર્યક્રમમાં કલા પ્રસ્તુત કરેલી છે. તેમજ વિદુષી કૌશિકી ચક્રવર્તી સાથે અનેક કાર્યક્રમો આપ્યા છે.

મહેશ રાઘવન (આઈપેડ) : મહેશ રાઘવન કર્ણાટકી અને હિંદુસ્તાની બન્ને શાસ્ત્રીય સંગીત શૈલી સાથે ફ્યુઝન સંગીતમાં પણ મહારથ ધરાવે છે. તેમણે એમ.એસ.સી ઈન ડિજીટલ કમ્પોઝીશન એન્ડ પર્ફોર્મન્સનો અભ્યાસ યુ.કે. થી કરેલો છે. તેમણે રંજની-ગાયત્રી, અરુણા સાઈરામ, ઉન્નીકીશનન તથા એમ.બી. સુબ્રમણ્યમ જેવા કલાકારો સાથે કલા પ્રસ્તુતિ કરી છે. તેઓ સોશિયલ મીડિયા પર છ લાખથી પણ વધુ ફેન ફોલોઈંગ ધરવાનાર યુથ આયકોન છે.

**Session 02** - પદ્મભૂષણ પં. સાજન મિશ્રા (ગાયન) ભારતીય શાસ્ત્રીય સંગીતના ચાહકો માટે ટોચના સ્વરકારોમાં સ્થાન પ્રાપ્ત કરેલ અને બનારસ ઘરાના સાથે જોડાયેલા પદ્મભૂષણ પં.સાજન મિશ્રાજીના પરિચયની કોઈ જરુર નથી. તેઓએ તેમની સંગીતની તાલીમ આ મહાન ઘરાનાના પંડીતો અને ગુરુઓ પાસેથી મેળવી છે. તેઓએ ન ફકત ભારતમાં પરંતુ વિદેશોમાં પણ પોતાની ગાયકીની પ્રભાવશાળી છાપ છોડી છે. બનારસ શહેરને વિશ્વના સૌથી પૌરાણિક શહેરોમાંના એક તરીકે ઓળખવા આવે છે. તદઉપરાંત તેને યુનેસ્કો દ્વારા 'સીટી ઓફ મ્યુઝીક' તરીકેનો ખીતાબ પ્રાપ્ત છે, આમ આ શહેરે અહીં સંગીતવાદ્ય, આધ્યાત્મ અને સાંસ્કૃતિક વારસાની ધરોહરને આજના સમય સુધી અકબંધ રાખવામા સફળ રહ્યું છે અને તેથી તેમની ગાયકીમાંમાં પણ આ શહેરની ભવ્યતા છલકે છે.

પંડિત સાજન મિશ્રાએ ખુબ નાની વયમાં બનારસ ઘરાનાના મોભીઓ તેમના પિતા પંડિત હનુમાન પ્રસાદ મિશ્રા અને કાકા પંડિત ગોપાલ મિશ્રા પાસે શાસ્ત્રીય સંગીતની તાલીમ શરૂ કરી હતી અને ત્યારબાદ પં.બડેરામદાસજી પાસે તાલીમ પ્રાપ્ત કરી હતી. તેઓની મધુર ગાયકીમાં સંકળાયેલી સ્વરોની જટીલ સર્જનાત્મકતા તેમની સમૃધ્ધ તાલીમ અને સુવ્યવસ્થાને પ્રદર્શીત કરે છે. પંડિત સાજન મિશ્રાને પદ્મભૂષણ એવોર્ડ, તાનસેન એવોર્ડ, ઓમકારનાથ ઠાકુર એવોર્ડ, કાશી ગૌરવ, યશભારતી એવોર્ડ અને યુ.એસ.એ માં બાલ્ટીમોરના સન્માનનિય નાગરિકત્વનો એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. તેમણે તેના ગુરુ બંધુ પદ્મભૂષણ પં. રાજન મિશ્રા સાથે ૫૭ વર્ષો કાર્યક્રમો આપ્યા છે. ભારતીય શાસ્ત્રીય સંગીતમાં હજુ પણ ગુરૂ-શિષ્ય પરંપરાનુ ખુબ જ મહત્વ છે અને ઉતરાખંડના દેહરાદુન શહેરની ભાગોળે આવેલે "વિરમ" ગુરૂકુળ, આ પરંપરાનુ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. બનારસ ઘરાના ના પંડિત શ્રી રાજન અને શ્રી સાજન મીશ્રા દ્વારા આ ગુરુકુળની સ્થાપના કરવામાં આવી છે. આ ગાયન સમ્રાટ બેલડી દ્વારા "ભૈરવ સે ભૈરવી તક" નામે મ્યુઝીક કોંસર્ટના દેશ અને વિદેશમાં આયોજન કરવામાં આવે છે, જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ માં વર્લ્ડ ટુર દરમિયાન ૫૪ કાર્યક્રમો આપ્યા હતા. તેમને અમેરિકા ના શહેર બાલ્ટીમોર ની માનદ નાગરિકતા પ્રાપ્ત છે. અત્રે ઉલ્લેખનિય છે કે વર્ષ ૨૦૧૯માં સપ્તસંગીતિના મંચ ઉપર રાજન-સાજન મિશ્રાની જોડીને છેલ્લીવાર દર્શકોએ મન ભરીને માણી હતા.

શ્રી સ્વરાંશ મિશ્રા (ગાયન) : સ્વરાંશ મિશ્રા પદ્મભૂષણ પંડિત સાજન મિશ્રાજીના પુત્ર તથા પદ્મવિભૂષણ પંડિત બિરજુમહારાજજીના દોહિત્ર છે. તેઓ પ્રતિભાશાળી શાસ્ત્રીય સંગીતકાર,ગીતકાર અને લેખક છે. હાલમાં તેઓ શાસ્ત્રીય સંગીતની તાલીમ તેમના પિતા અને ગુરુ પં. સાજન મિશ્રાજી પાસેથી મેળવી રહ્યા છે. તેઓ ૩૫૦ વર્ષોથી ચાલી આવતી બનારસ ઘરનાની વંશાવલિના છઠ્ઠી પેઢીના કલાકાર છે. તેમણે તેના પિતાશ્રી સાથે દેશ અને વિદેશમાં અનેક કાર્યક્મો પ્રસ્તુત કર્યા છે.

શ્રી નીરજ ધોળકીયા (તબલા) : નીરજ એ બાળપણથીજ તબલા અને પખવાજ ની તાલીમ શ્રી બલરાજ ચૌધરી અને શ્રી નિતાઈ ચક્રવર્તી પાસેથી અને ત્યારબાદ પ્રોફેસર ડો સુધીરકુમાર સકસેનાજી પાસેથી પણ તાલીમ મેળવી. હાલ માં મુંબઈ ખાતે પંડિત યોગેશ સામસીજી ની પરંપરામાં શ્રી ચંદ્રશેખર ગાંધી પાસેથી તાલીમ મેળવી રહ્યા છે. નીરજ એ પદ્મભૂષણ આચાર્ય ગોકુળોત્સવજી મહારાજ, વિદુષી કલારામનાથ, શ્રીમતી વિરાજ અમર ભટ્ટ, શ્રી નીરજ પરીખ, આચાર્ય રસિક રાયજી મહારાજ, પિયુબહેન સરખેલ, નરેશકુમાર મલ્હોત્રા, જેવા કલાકારો સાથે તબલા સંગત કરી છે. હાલ તેઓ રાજકોટ ખાતે તબલાની સાધના કરે છે અને વિદ્યાર્થીઓને તાલીમ આપી રહ્યા છે.

શ્રી પલાશ ધોળકીયા (હાર્મોનિયમ) : પલાશ ધોળકીયા એ રાજકોટ ખાતે ખૂબ નાની ઉંમરે ગાયનની તાલીમ શ્રી આતામોહમ્મદ ખાન પઠાણ સાહેબ પાસેથી મેળવી હતી. છેલ્લા સાત વર્ષોથી પદ્મભૂષણ પંડિત અજય ચક્રવર્તી જી પાસેથી તાલીમ મેળવી રહ્યા છે. તેમણે શ્રી નીરજ પરીખ, શ્રીમાતી વિરાજ અમર ભટ્ટ વગેરે કલાકારો સાથે હાર્મોનિયમ સાથ આપેલો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# બ્રહ્મપુત્ર પર ચીનનો બંધ, ભારત માટે મુશ્કેલી

ચીન વધુ એક વિવાદને જન્મ આપી રહ્યું છે. ચીન બ્રહ્મપુત્ર નદી પર બંધ બનાવીને પાણીને નિયંત્રિત કરવાનો મનસૂબો ધરાવે છે. ચીને ભારતીય સીમા નજીક તિબેટમાં યારલુંગ જાંગ્બો નદી (બ્રહ્મપુત્રનું તિબેટી નામ) પર દુનિયાના સૌથી મોટા બંધના નિર્માણને મંજૂરી આપી છે, જેનાથી ભારત અને બાંગ્લાદેશની ચિંતા વધવી વાજબી છે. આ બંધ પરિયોજના દુનિયાની સૌથી મોટી બુનિયાદી માળખા પરિયોજના હશે, જેના પર ૧૩૭ અબજ અમેરિકી ડોલરનો ખર્ચ આવશે. આ બંધ હિમાલયની એક વિશાળ ઘાટીમાં બનાવવામાં આવશે, જ્યાં બ્રહ્મપુત્ર નદી એ વિશાળ 'યુ-ટર્ન' લઈને અરુણાચલ પ્રદેશ અને પછી બાંગ્લાદેશમાં વહે છે. વિશ્વની છઠ્ઠી મોટી નદી બ્રહ્મપુત્ર ભૌગોલિક રૂપે કઠિન પારિસ્થિતિકી તંત્રવાળી નદી છે, જેમાં કોઈપણ પ્રકારની છે?ડછાડ આ ક્ષેત્ર માટે વિનાશકારી સાબિત થઈ શકે છે. ચીન ભીષણ જળસંકટમાંથી પણ પસાર થઈ રહ્યું છે, તિબેટ ક્ષેત્રમાં પાણીના પૂરવઠાના લ-ય સાથે ચીન બ્રહ્મપુત્ર નદી પર જળવિદ્યુત યોજના બનાવી રહ્યું છે. ભારત અને બાંગ્લાદેશે તેનો વિરોધ કરવો જોઈએ અને જળસંધિનું પાલન થવું જોઈએ.

બ્રહ્મપુત્ર નદી પર ચીનના મોટા બંધને લઈને ભારતની અસલ ચિંતા તેના જળપ્રવાહને રોકવા અને શત્રુતા સમયે સીમાવર્તી ક્ષેત્રમાં ભારે માત્રામાં પાણી છોડવાની સ્થિતિને લઈને છે. એમ તો ભારત પણ અરુણાચલ પ્રદેશમાં બ્રહ્મપુત્ર પર બંધ બનાવી રહ્યું છે, પરંતુ તે જળ નિયંત્રણ માટે નહીં, પરંતુ નદીના ખતરાને ઓછો કરવા માટે છે. ભારત અને ચીન વચ્ચે એલએસીની જેમ બ્રહ્મપુત્ર નદી વિવાદ પણ એક નાસૂર સમાન છે. ભારત અને ચીને સીમા પાર નદીઓ સંબંધિત વિભિન્ન મુદ્દા પર ચર્ચા કરવા માટે ૨૦૦૬માં એક વિશેષજ્ઞ સ્તરીય તંત્ર (ઈએલએમ)ની સ્થાપના કરી હતી, જે અંતર્ગત ચીન પૂર વખતે ભારતને બ્રહ્મપુત્ર નદી અને સતલજ નદી પર જળવિજ્ઞાન સંબંધી જાણકારી પ્રદાન કરે છે. ભારત, ચીનના સીમા મુદ્દાઓ પર વિશેષ પ્રતિનિધિઓ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજિત ડોભાલ અને ચીની વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે ૧૮ ડિસેમ્બરે અહીં થયેલ મંત્રણામાં સીમા પારની નદીઓ વિશે ડેટા વહેંચવાનો મુદ્દો ઉઠ?યો હતો. બ્રહ્મપુત્ર બંધમાં એન્જિનિયરિંગના મોટા પડકારો છે, કારણ કે પરિયોજના સ્થળ ટેક્ટોનિક પ્લેટ ક્ષેત્ર સાથે જોડાયેલ છે, જ્યાં ભૂકંપ આવે છે. પરંતુ ચીને ભૂકંપ વિશે ચિંતાઓને અવગણીને બ્રહ્મપુત્ર બંધ જળવિદ્યુત પરિયોજનાને સ્વીકૃતિ આપી છે, જે સંકટકારી પગલું છે. કૈલાસ પર્વત પાસે એંગસી ગ્લેશિયરથી નીકળતી અને પૂર્વમાં હિમાલયથી ઘેરાયેલી બ્રહ્મપુત્ર નદી ૩૯૬૯ કિલોમીટર લાંબી છે. આ નદી પર ચીનની જળવિદ્યુત યોજના આ નદીને એક મોસમી નદીમાં બદલી નાકશે, જેનું પરિણામ ભારતના પૂર્વોત્તર રાજ્યોમાં દુકાળ રૂપે સામે આવી શકે છે.

એક ખતરો એ પણ છે કે બંધોના નિર્માણ બાદ જ્યારે ચીન ચોમાસામાં પૂરનું પાણી છોડશે તો તેનાથી બ્રહ્મપુત્ર નદીના જળપ્રવાહમાં વૃદ્ધિ થશે, તેનાથી ભારતીય ક્ષેત્ર પૂરથી પ્રભાવિત થશે.નદીઓની આસપાસ જળ સંબંધી પરિયોજનાઓને કારણે ચીને પોતાની નદીઓને ઘણી પ્રદૂષિત કરી છે અને તેને કારણે ચીનથી ભારત તરફ પ્રવાહિત થનારી નદીઓના પાણીની ગુણત્તા પણ પ્રભાવિત થઈ રહી છે. ચીનના આ પગલાથી બ્રહ્મપુત્ર નદીના પાણી પર નિર્ભર અસમના કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન અદ્વે પોબિતોરા વન્યજીવન અભયારણ્યમાં પણ પાણીનો પૂરવઠો પ્રભાવિત થશે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચ ખાતે તા.૧૩ જાન્યુઆરીના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૧૩-૧-૨૦૨૫ના રોજ શિવરાજપુર બીચ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના સુચારૂ આયોજન અંગે કોન્ફરન્સ હોલ, કલેકટર કચેરી, ખંભાળીયા ખાતે જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યાના અધ્યક્ષસ્થાને બેઠક યોજવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતને પ્રવાસન ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત થાય તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ સાબરમતી રિવર ફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું તા.૧૧-૧-૨૦૨૫ થી તા.૧૪-૧-૨૦૨૫ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૧૩-૧-૨૦૨૫ના રોજ શિવરાજપુર બીચ ખાતે પતંગ મહોત્સવનું આયોજન થનાર છે. બેઠકમાં કલેકટરએ પતંગ મહોત્સવમાં પતંગબાજો માટે તમામ આગતા-સ્વાગતા તેમજ પતંગ ઉત્સવ દરમ્યાનની તમામ આનુષાંગિક વ્યવસ્થાઓ અંગે વિગતો મેળવી જરૂરી સૂચનો કર્યા હતા. કાર્યક્રમને અનુરૂપ કાઈટીસ્ટો માટેના સ્ટોલ, સ્ટેજ તેમજ આનુષાંગિક અન્ય વ્યવસ્થા કરવા જરૂરી સૂચના આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમની રૂપરેખાની વિગતો મેળવવા સાથે સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તૃતિ, ઉપરાંત ફાયર બ્રિગેડ, મોબાઈલ ટોયલેટની સુવિધા, પાર્કિંગ વ્યવસ્થા, મેડીકલ ટીમ, સહિતની બાબત સુનિશ્ચિત કરવા ખાસ સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એ.બી.પાંડોર, નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એચ.એ.જોશી તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# S.E.T. મહિલા કોલેજ-જૂનાગઢમાં PoC મંજૂરી માટે સ્કૂટિની કમિટીની બેઠક યોજાઈ



જૂનાગઢ, તા.૪

એસ.ઈ.ટી મહિલા કોલેજ જૂનાગઢ ખાતે ગુજરાત સરકારની સ્ટાર્ટઅપ અને ઈનોવેશન નીતિ **SSIP 2.0** અંતર્ગત પ્રોજેક્ટ પ્રુફ ઓફ કન્સેપ્ટ **(PoC)** માટે વિશેષ મિટિંગનું તારીખ : ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય ઉદેશ્ય વિદ્યાર્થીઓની નવીન વિચારશૈલી અને સર્જનાત્મક્તાને પ્રોત્સાહન આપીને સમાજ ફ઼ાટે અસરકારક સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ ઉભા કરવનો હતો. વિદ્યાર્થીઓ દ્વારા ૧૦ જેટલા સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ રજુ કર્યા હતા. જેમા ઈકો ફ્રેન્ડલી ટ્રીટમેન્ટ ઓફ વેસ્ટ ઓઈલ માટે હિનાબેન સોલંકી અને ફાર્મ ફોર્સ એન્ડ્રોઈડ એપ્લીકેશન માટે ચંડેરા શ્રેયસના પ્રોજેક્ટને કમીટી દ્વારા **PoC** માટે મંજૂરી આપેલ હતી. પ્રોજેક્ટ સંયોજક તરીકે ડો. વિજય નંદાણીયા અને ચિરાગભાઈએ પ્રોજેક્ટ ઘડતર માટે માર્ગદર્શન પુરૂ પાડેલ હતું. જયારે કોલેજના પ્રિન્સીપાલ ડો.હાર્દિક બી. ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરીને તેમને શ્રેષ્ઠ સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.

# વિસાવદર કોર્ટે ચેક રીટર્નના બે કેસમાં આરોપીને ૨-૨ એમ ૪ વર્ષની જેલની સજા તથા બંને કેસ પેટે કુલ દસ લાખ ચાલીસ હજારનો દંડ ફટકાર્યો

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૪

નામદાર વિસાવદર કોર્ટ દ્વારા ફોજદારી કેસ નં.૪૨૮/૨૩ તથા ૪૨૯/૨૩ ના કામે બન્ને ચેક રિટર્ન ના કેસ માં આરોપી ને ૨ ૨ એમ કુલ ૪ વર્ષની જેલ ની સજા તથા ચેકોની રકમનો બમણો દંડ ફટકારતો હુકમ કરવામાં આવ્યો છે.

વિસાવદર કોર્ટના આ હુકમથી સમગ્ર પંથકમાં ચેક આપનાર આરોપીઓમાં ફફડાટ ફેલાયો છે. આ સમગ્ર કેસની હકીકત એવી છે કે વિસાવદર તાલુકાના માંડાવડ ગામના રહેવાસી જીતેન્દ્રભાઈ જીવાભાઈ રવૈયાએ આ ગુનાના આરોપી વજુભાઈ છગનભાઈ સિરોયા રે.ભૂતડીને મિત્રતાના સંબંધના નાતે રૂપિયા ૫૨૦૦૦૦ અંકે રૂપિયા પાંચ લાખ વીસ હજાર એક માસ માટે હાથ ઉછીના આપ્યા હતા અને એક માસ પૂર્ણ થતાં ફરિયાદી જીતેન્દ્રભાઈએ આ ઉછીની આપેલ રકમની માંગણી કરતા આરોપી વજુભાઈએ આ રકમની ચુકવણી કરવા માટે કુલ બે ચેક અનુક્રમે રૂા.૩૨૦૦૦૦/ તથા રૂા.૨૦૦૦૦૦/- એમ કુલ બે ચેક આપેલ હતા. ફરિયાદીએ આ બંને ચેકો બેંકમાં વટાવવા નાખતા આ બંને ચેકો સિગ્નેચર ડીફરના શેરા સાથે રિટર્ન થયેલ હતા. બન્ને ચેકો આ રીતે રિટર્ન થતાં ફરિયાદી જીતેન્દ્ર રવૈયા એ તેમના એડવોકેટ નિતેશભાઈ દવે નો સંપર્ક કરી આરોપી ને તેમના દ્વારા કાનૂની નોટિસ આપેલ હતી. આ બંને નોટિસો આરોપી વજુભાઈને બજી ગયેલ હોવા છતાં આરોપી તરફથી ફરિયાદી ને તેની લેણી રકમ ચુકવવામાં ના આવતા ફરિયાદી જીતેન્દ્રભાઈએ એડવોકેટ નિતેશભાઈ દવે મારફત વિસાવદર કોર્ટ માં બે ફોજદારી ફરિયાદો કેસ નં.૪૨૮/૨૩ તથા ૪૨૯/૨૩ દાખલ કરેલ હતી.

સદરહુ બંને કેસો વિસાવદર કોર્ટમાં ચાલી જતાં ફરિયાદીના વિદ્વાન ધારાશાસ્ત્રી નિતેશભાઈ દવે એ નેગોશિએબલ ઈન્સ્ટ્રૂમેન્ટની કલમ ૧૩૮ અન્વયે વિવિધ કાયદાકીય જોગવાઈઓ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ ટાંકીને કાયદાકીય વિસ્તૃત દલીલો કરતા નામદાર વિસાવદર કોર્ટના જજ એસ. એસ.ત્રિવેદી દ્વારા આરોપી વજુભાઈ છગનભાઈ શિરોયા રહેવાસી ભૂતડી તા.વિસાવદર વાળાને બંને કેસમાં ૨ ૨ એમ કુલ ૪ વર્ષની જેલની સજા તથા બંને કેસોના ચેકની બમણી રકમ એટલે કે કુલ રૂપિયા દસ લાખ ચાલીસ હજારનો દંડ ફટકારતો હુકમ કરવામાં આવેલ છે. કોર્ટના આ હુકમથી સમગ્ર વિસાવદર પંથકમાં ફફડાટ ફેલાયો છે.

# ઊના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. સાંખટને વિદાય અપાઈ






(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૪

ઊના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. દિલીપભાઈ અશોકભાઈ સાંખટને પી.એસ.આઈ. તરીકે બઢતી મળતા તેમને પ્રોત્સાહિત કરવા ઊના વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ. ચૌધરીના અધ્યક્ષ સ્થાને પીન સેરેમની અને વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન રાણા, એડિશનલ પોલીસ ઈન્સ્પેકટર જે.જે. પરમાર, પી.એસ.આઈ. આર.પી. જાદવ, પી.એસ.આઈ. જે.પી. જોશી અને પોલીસ સ્ટેશનનો તમામ સ્ટાફ હજાર રહેલ અને ડી.વાય.એસ.પી. ચૌધરીએ પી.એસ.આઈ.ની પીન પહેરાવી હતી અને તેમને સ્મૃતિ ચિહન આપી વિદાય માન આપેલ હતું.

# ઓખા ખાતે શ્રી સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળ દ્વારા ૨૦૨૫ના વર્ષની ઉજવણી તુલસી પૂજન કરી કરવામાં આવેલ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૪

ઓખા ખાતે શ્રી સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળ દ્વારા ૨૦૨૫ના વર્ષની ઉજવણી તુલસી પૂજન કરી કરવામાં આવેલ. આ કાર્યક્રમ શ્રી સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળના પૂર્વ પ્રમુખ ડો.પુષ્પાબેન સોમૈયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે તુલસીનું પૂજન કરી આરતી ઉતારવામાં આવેલ. આ તકે શ્રી સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળના પ્રમુખ સોનલબેન પીઠીયા તેમજ શ્રી સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળના કારોબારી સભ્યો તેમજ મહિલાઓ હાજર રહ્યા. આ તકે તુલસી પૂજન સાથે આરતીની થાળી ડેકોરેશનની સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય પ્રાપ્ત કરેલ તેમને ગિફ્ટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આવેલ તમામ મહિલાઓને તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં બહેનો જોડાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળના કારોબારી સભ્યો તેમજ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# ખંભાળિયામાં પરિણીત યુવતી ઉપર દુષ્કર્મ આરોપી એસટી ડ્રાઇવરની અટકાયત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

ખંભાળિયામાં હાલ રહેતી અને અન્ય જિલ્લાની વતની એવી એક પરિણીત મહિલાને ખંભાળિયા એસ.ટી. વિભાગમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા શખ્સ દ્વારા વ્યાપક રીતે પરેશાન કરી અને અવારનવાર દુષ્કર્મ ગુજારવામાં આવતા આ અંગે ખંભાળિયા પોલીસે ગુનો નોંધી, આરોપી અટકાયત કરી લીધી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ મથકમાં જાહેર થયેલી વિગત મુજબ ગુજરાત તરફના જિલ્લામાં રહેતી અને પરિણીત એવી એક યુવતી એસટી વિભાગમાં કંડકટર તરીકે ફરજ બજાવતી હોય, તેણી ખંભાળિયામાં એક મકાન ભાડે રાખીને રહેતી હતી. તેની સાથે બસમાં કામ કરતા ડ્રાઈવર પુંજાભાઈ રામાભાઈ ઉલવા (રહે. યોગેશ્વર નગર, ખંભાળિયા) દ્વારા ઉપરોક્ત કંડકટર મહિલા સાથે બોલવા ચાલવાનો વ્યવહાર હતો. આ બંનેની ફરજના સમયગાળા દરમ્યાન એસ.ટી. બસ ચાલક પુંજાભાઈ દ્વારા કોઈના કોઈ બહાને મહિલા સાથે આત્મીયતા વધારવાનો પ્રયાસ કરવામાં આવતો હતો. આ ઉપરાંત તેના દ્વારા મહિલાને અવારનવાર ફોન કરવામાં આવતા તેણી ફોન કટ કરી નાખતી હતી. પરંતુ આરોપી પુંજાભાઈ અન્ય કોઈ વ્યક્તિના મોબાઈલમાંથી ફોન કરી અને પ્રેમજાળમાં ફસાવવા માટે પ્રયત્ન કરતો હતો. આટલું જ નહીં, તેના દ્વારા મહિલાને શરીર સંબંધ બાંધવા માટે કહેવામાં આવતા તેણીએ ના કહી દીધી હતી. પરંતુ તેણે મહિલાને મારી નાખવાની ધમકી તેમજ નોકરીમાંથી છૂટા કરાવી દેવાની ધમકી આપી અને મરજી વિરૂધ્ધ દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાની ધોરણસર ફરિયાદ ભોગ બનનાર મહિલાએ ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાવી હતી. આ ઉપરાંત તેના મોબાઈલમાં મહિલાના ફોટા અને વિડિયો હોવાનું કહી અને અવારનવાર ધમકી આપી, બળજબરીપૂર્વક સંબંધ રાખી અને દુષ્કર્મ ગુજારવામાં આવતા આ સમગ્ર બનાવ અંગે મહિલાએ પોતાના માતાને જાણ કરી હતી અને ત્યાર બાદ આ સમગ્ર મામલો ખંભાળિયા પોલીસ મથકે પહોંચ્યો હતો. જેથી ખંભાળિયા પોલીસે મહિલાની ફરિયાદ પરથી એસટી બસના ડ્રાઈવર પુંજાભાઈ રામાભાઈ ઉલવા સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, તેની અટકાયત કરી લીધી હતી.

# જૂનાગઢનાં કલા મર્મી યુવાઓ યુનિ. વેસ્ટઝોન યુવામહોત્સવમાં કલાનાં કામણ પાથરશે




જૂનાગઢ, તા.૪

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં વિદ્યાર્થીઓ આજે વેસ્ટઝોન યુવા મહોત્સવમાં ભાગ લેવા આજે કોચ ભગવાનભાઈ દેવધરીયા અને અનસુયાબેન ચૌધરી સાથે પ્રસ્થાન કરેલ છે. ઉલ્લેખનિય છે કે શાસ્ત્રીય નત્ય, લોકનૃત્ય, કાર્ટુનીંગ, માટીકામ, કોલાઝ, ઈન્સટોલેશન, મહેંદી, ફોટોગ્રાફી, પોસ્ટર મેકીંગ, રંગોળી, ચિત્રકામ, સંવાદ, ક્વિઝ, શાસ્ત્રીયવાદ્ય, શાસ્ત્રીય ગાયન, સમુહગીત ભારતિય, સમુહગીત પ્રાશ્યાત, હળવુ કંઠ્ય સંગીત, નાટક, મીમીક્રી, સ્કીટ,સહિતની સ્પર્ધાઓમાં ભાગ લેવા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં વિદ્યાર્થીઓ ગણપત યુનિ. મહેસાણા ખાતે યોજાઈ રહેલ રાજ્યકક્ષાની વેસ્ટઝોન રમતોત્સવમાં ભાગ લેવા પ્રસ્થાન કરેલ છે. અત્રે ઉલ્લેખનિય છે કે વેસ્ટઝોન રમતોત્સવમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગોવાની સઘળી યુનિ.નાં વિદ્યાર્થીઓ વચ્ચે વિવિધ સ્પર્ધાઓ યોજાનાર છે.

યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી, કલ્ચરલ સેલનાં કો-ઓર્ડીનેટર કુ. રૂપલબેન ડાંગર, ઋષીરાજ ઉપાધ્યાયસહિત યુનિ. પરિવારે શુભકામનાં પાઠવી ટીમને વેસ્ટઝોન રમતોત્સવમાંભાગ લેવા જવા રવાના કરેલ હતી.

## બે દિવસમાં બે ડુપ્લીકેટ પોલીસકર્મી ઝડપાયા

# રાજકોટમાં અસલી પોલીસને પડકાર ફેંકતી નકલી પોલીસ

## અત્યાર સુધી નકલી અધિકારીઓ, પોલીસ બનીને લોકોને લૂંટતા અનેક વ્યક્તિઓ ઝડપાયા છે

રાજકોટ, તા.૪

રાજકોટમાં પોલીસના નામે તોડ કરનાર શખ્સની પોલીસે ધરપકડ કરી છે. થોડા દિવસ પહેલા જ બસ સ્ટેન્ડ પાછળ આવેલી હોટેલમાં જઈ ક્રાઈમ બ્રાન્ચના નામે યુગલને અહીં શું આવ્યા છો કહીને ૩૧ હજારનો તોડ કર્યો હોવાનું ખુલ્યું છે. એ ડિવિઝન પોલીસને ફરિયાદ મળતા જ **CCTV** ફૂટેજ આધારે નકલી પોલીસને ઓળખી દબોચી લેવામાં આવ્યો હતો. જૂઓ કોણ છે આ નકલી પોલીસ અમારા આ રિપોર્ટમાં. રાજકોટમાં નકલી પોલીસ બની ફરતો મિહિર ભાનું કુંગસિયા ઝડપાયો છે. આ શખ્સ પર હોટેલમાં જઈ યુગલ પાસે થી ૩૧ હજારનો તોડ કર્યો હોવાનો આરોપ છે. **DCP** જગદીશ બાંગરવાના કહેવા મુજબ, રાજકોટના કોઠારિયા નાકા પાસે શિવ પ્રતિમા એપાર્ટમેન્ટમાં રહેતો અને મૂળ બંગાળનો મુરારીમોહન શત્રુઘ્ન બાદ (ઉ.૪૪) તેની પ્રેમિકા સાથે એસટી બસ સ્ટેન્ડ પાસે મૂન હોટેલમાં હતો ત્યારે અજાણ્યો શખ્સ તેની પાસે આવી તે ક્રાઈમ બ્રાંચના પોલીસમેન હોવાની ઓળખ આપી તમે અહીં શું કામ આવ્યા છો કહી ધમકાવ્યા હતા. ત્યારબાદ તેની પાસેથી ૧૨ હજારની રોકડની લૂંટ ચલાવી હતી અને તેની પાસેના એટીએમ લઈને તેમાંથી વધુ રૂ.૧૯ હજાર ઉપાડી લઈને કુલ રૂ.૩૧ હજારની લૂંટ ચલાવી નાસી ગયાનું જણાવ્યું હતું. યુવક સાથે ખોટું થયું હોવાની જાણ થતાં યુવકે પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. જેના આધારે પોલીસે ફરિયાદ નોંધી **CCTV** ચેક કરવાનું શરૂ કર્યું હતું. જેમાં આરોપી **CCTV**માં કેદ થયો હતો. પોલીસે આરોપીને ઝડપી લેવા અલગ અલગ વિસ્તારમાં વોચ ગોઠવી હતી. જેમાં પોપટપરા વિસ્તારમાં રહેતો મિહિર ભાનુભાઈ કુંગસિયા હોવાની ઓળખ થઈ હતી. જેને આધારે પોલીસે મિહિરને દબોચી લીધી હતો. હાલ એ ડિવિઝન પોલીસે નકલી પોલીસ મિહિરની સરભરા કરી ધરપકડ કરી તપાસ શરૂ કરી છે. રાજકોટમાં પોલીસની પકડ ઢીલી પડતા લુખ્ખા તત્વો બેકાબૂ બન્યા છે. બે દિવસ પહેલાં જ અવધ રોડ પર યુગલને આંતરી પોલીસની ઓળખ આપી યુવકને મારકૂટ કરી લૂંટ, ખંડણી, અપહરણ અને છેડતીના ગંભીર ગુનામાં પોલીસે કુખ્યાત ચાર શખ્સને પકડી લઈ આકરી પૂછતાછ કરી હતી. જ્યારે આ શખ્સે ગત ૩૦ તારીખે બસ સ્ટેશન પાસેની હોટેલમાં ધસી જઈ ક્રાઈમ બ્રાંચના પોલીસ હોવાના નામે યુગલ પાસેથી ૩૧ હજારની રોકડની લૂંટ ચલાવી હતી. **DCP** જગદીશ બાંગરવાએ કહ્યું હતું કે, **CCTV** ફુટેજને કારણે આરોપીની ઓળખ થઈ હતી. આરોપીએ હોટેલમાં જઈ તું છોકરી સાથે શરીર સુખ માણવા આવ્યો છે કહીને ધમકાવ્યા હતા જેથી ફરિયાદીએ ડરને કારણે રૂપિયા આપ્યા હોવાનું સામે આવ્યું છે.

એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી પોપટપરાના શખ્સને એસટી બસ સ્ટેશન પાસેથી ઝડપી લઈ તેની ધરપકડ કરી તેને વધુ કેટલાક લોકોને અટકાવી પોલીસના નામે તોડ કર્યા છે? તે સહિતના મુદ્દે પૂછતાછ શરૂ કરી છે. પોલીસ તપાસમાં કેટલા ખુલાસા થાય છે તે જોવું રહ્યું.

# ભારત જોડો યાત્રા, ન્યાય યાત્રાએ બંધારણમાં સુધારો કરવાના ભાજપ-RSSના એજન્ડાને નિષ્ફળ બનાવ્યો છે : ખડગે



બેલગાવી, તા.૪ મહાત્મા ગાંધીએ કોંગ્રેસ અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યાના ૧૦૦ વર્ષ પૂરા થવાના નિમિત્તે તાજેતરમાં કર્ણાટકના બેલગાવીમાં અધિવેશનમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે 'ભારત જોડો યાત્રા' અને 'ભારત જોડો ન્યાયયાત્રા'એ દેશના રાજકીય વાતાવરણ ઉપર નોંધપાત્ર અસર કરી છે અને બંધારણમાં સુધારો કરવાના ભાજપ-આરએસએસના એજન્ડાને નિષ્ફળ બનાવ્યો છે.

કોંગ્રેસ કાર્યકારી સમિતિને સંબોધિત કરતી વખતે, ખડગેએ કહ્યું કેઃ જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલીવાર સંસદમાં પ્રવેશ્યા ત્યારે તેઓ જૂના સંસદ ભવનનાં પગથિયાં ઉપર નમી ગયા હતા. હવે, સંસદની નવી ઈમારતના નિર્માણ સાથે, અમને ડર છે કે ભાજપનો બંધારણમાં ફેરફાર કરવાનો પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. આ BJP-RSSનો જૂનો એજન્ડા રહ્યો છે. તેઓએ બંધારણ, ત્રિરંગા, ગાંધી, નહેરૂ અને આંબેડકરનો વિરોધ કર્યો છે. તેઓએ આ તમામ ચિહ્નોના પૂતળા બાળ્યા છે. શાસક પક્ષના સભ્યો બંધારણની પ્રસ્તાવનાનું અપમાન કરે છે. તેઓ બંધારણીય જોગવાઈઓ અને મૂલ્યોની અવગણના કરે છે. ભારતના ચૂંટણી પંચ જેવી સંસ્થાઓને નિયંત્રિત કરવામાં આવી રહી છે, જેઓ તેમની સ્વતંત્રતા માટે કોઈ આદર દર્શાવતા નથી. અમારી સંસ્થાઓને બચાવવા માટેની આ લડાઈ ચાલુ રાખવી જોઈએ.

તેમણે કહ્યું કે, તેની ૧૪૦ વર્ષની સફરમાં કોંગ્રેસે ઘણા ઉતાર-ચઢાવ જોયા છે પરંતુ તે મહાત્મા ગાંધીના સિદ્ધાંતો અને આદર્શો પ્રત્યે અડગ રહીને પ્રતિબદ્ધ છે. તાજેતરના સંસદીય સત્ર દરમ્યાન અમે બી.આર. આંબેડકર વિશે ગૃહપ્રધાનની અત્યંત અનાદરભરી ટિપ્પણી જોઈ છે. અમે વિરોધ કર્યો, અમારા વાંધાઓ નોંધાવ્યા અને દેખાવો કર્યા. આ વિરોધો હવે સમગ્ર દેશમાં ફેલાઈ ગયા છે. જો કે, વડાપ્રધાન કે સરકાર તેમની ભૂલ સ્વીકારવા તૈયાર નથી. અમિત શાહ પાસેથી માફી અથવા રાજીનામું માંગવાથી દૂર, તેઓએ આ નિવેદનને સમર્થન આપ્યું છે. વડાપ્રધાને ગૃહપ્રધાનનો બચાવ કરતું નિવેદન બહાર પાડ્યું, અને રાહુલ ગાંધી ઉપર ખોટો કેસ દાખલ કરવામાં આવ્યો છે.

આ બંધારણ અને તેના નિર્માતાઓ પ્રત્યે શાસક સરકારના વલણને પ્રતિબિંબિત કરે છે. પરંતુ અમે ન તો ડરીશું કે ન તો ઝૂકીશું. અમે નહેરુ-ગાંધીના આદર્શો અને આંબેડકરના સન્માન માટે અમારા અંતિમ શ્વાસ સુધી લડીશું. ચૂંટણી પંચની નિષ્પક્ષતા અંગેની શંકાને કારણે ચૂંટણી પ્રક્રિયામાં ઘટતો વિશ્વાસ એ અન્ય સંબંધિત મુદ્દો છે. તાજેતરમાં, તેઓએ અદાલતો દ્વારા આદેશ આપવામાં આવેલ માહિતીના ખુલાસાને રોકવા માટે ચૂંટણી નિયમોમાં સુધારો કર્યો હતો. શું છુપાવવામાં આવી રહ્યું છે ? શા માટે તેઓ એવી માહિતી પ્રકાશિત કરવામાં અનિચ્છા ધરાવે છે કે જે જાહેર ડોમેનમાં હોય ત્યારે ક્યારેય કોઈ સમસ્યા ન હતી? મતદારના નામ હટાવવા, મતદાનમાં અવરોધ, મતદાર યાદીઓમાં અચાનક વધારો અને મતદાર મતદાનની ટકાવારીમાં અસામાન્ય વધારો જેવા મુદ્દાઓ છે. કેન્દ્ર સરકારના વિશ્વાસઘાતને કારણે સમગ્ર દેશમાં ખેડૂતો MSP ગેરંટી અને અન્ય માંગણીઓ માટે વિરોધ કરી રહ્યા છે. ભૂખ હડતાલ પણ ચાલી રહી છે, તેમ છતાં આ સરકાર અમારા અન્નદાતાઓ માટે કોઈ સહાનુભૂતિ બતાવતી નથી.

તેમણે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની ટીકા કરતા કહ્યું કે, વિડંબનાની વાત છે કે સ્વર્ગસ્થ પીએમ રાજીવ ગાંધીના કાર્યકાળ દરમ્યાન ખેડૂતો બોટ ક્લબમાં આવી શકતા હતા અને તેમની ચિંતાઓ મુક્તપણે વ્યક્ત કરી શકતા હતા. આજે તેમને દિલ્હીમાં પ્રવેશવા ઉપર રોક લગાવવામાં આવી છે. પૂર્વ પીએમ મનમોહનસિંહની સરકાર દરમ્યાન અમે કૃષિ લોનમાં રૂ.૭૨,૦૦૦ કરોડ માફ કર્યા, મહત્તમ MSP પ્રદાન કર્યું અને જમીન સંપાદન કાયદો ઘડ્યો હતો.

યુપીએના ૧૦ વર્ષના શાસન દરમ્યાન અમે મનરેગા, આરટીઆઈ, ખોરાકનો અધિકાર અને શિક્ષણનો અધિકાર જેવા અધિકારો આધારિત કાયદાઓ રજૂ કર્યા હતા. સોનિયા ગાંધી અને મનમોહનસિંહ વચ્ચેના નેતૃત્વ અને સમન્વયને કારણે આ શક્ય બન્યું છે. આજે, જનતાની ચિંતાઓ કોઈ સાંભળતું નથી. આપણે તેમને સમર્થન આપવા આગળ વધવું જોઈએ અને સતત પ્રયત્નો અને નિશ્ચય સાથે તેમના મુદ્દાઓ માટે લડવું જોઈએ. અમે સંગઠનાત્મક સુધારાઓ અને આવશ્યક પ્રક્રિયાઓ ઉપર પણ ચર્ચા કરી છે. હું જાહેર કરૂ છું કે ૨૦૨૫ સંસ્થાકીય સશક્તિકરણનું વર્ષ હશે. અમે તમામ ખાલી જગ્યાઓ ભરીશું, ઉદયપુર ઘોષણાનો સંપૂર્ણ અમલ કરીશું, અને ચૂંટણી જીતવા માટે જરૂરી સાધનો સાથે અમારા માળખા સાથે AICCને બૂથ લેવલથી સજ્જ કરીશું. કર્ણાટક મારૂ મૂળ રાજ્ય છે અને મારી લાંબી રાજકીય સફરનો પ્રારંભિક બિંદુ છે. કોંગ્રેસ અધ્યક્ષ તરીકે મહાત્મા ગાંધીએ ૧૦૦ વર્ષ પહેલાં લીધેલી મહાન જવાબદારીની યાદોમાં ભાગ લેતા મને ગર્વ થાય છે. કર્ણાટક મહાત્મા ગાંધી, મહાત્મા બસવેશ્વરા, મહાત્મા ફુલે અને બી. આર. આંબેડકર જેવા દિગ્ગજો દ્વારા પ્રેરિત બંધારણ અને લોકશાહી આદર્શોને સમર્થન આપે છે. ભાજપ અમારા ઉપર આંબેડકરનો અનાદર કરવાનો આરોપ લગાવે છે. જો કે, બધા જાણે છે કે ૧૯૬૭માં કોંગ્રેસના શાસન દરમ્યાન સંસદમાં આંબેડકરની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી. મારા જેવા હજારો કાર્યકર્તાઓની માંગને પગલે, ઈન્દિરા ગાંધીના કાર્યકાળ દરમ્યાન ડૉ. રાધાકૃષ્ણને સંસદમાં કેન્દ્રીય સ્થાને આંબેડકરની પ્રથમ અગ્રણી પ્રતિમાનું ઉદ્ઘાટન કર્યું. હું ભાજપ અને આરએસએસને આ જૂઠ ફેલાવવાનું બંધ કરવા કહું છું.

# રાજ્યમાં ૧૬,૫૬૧ ગામના ખેડૂતોને મળશે દિવસે વીજળી : બાકી રહેલ ૬૩૨ ગામો માટે કામગીરી જારી

ગાંધીનગર, તા.૪ રાજ્ય સરકાર દ્વારા રાજ્યના લાખો ખેડૂતોના હિતમાં દિવસે વિજળી આપવાના મહત્વના નિર્ણયનો રાજ્યના ૯૬ ટકા ગામોમાં અમલ કરીને ખેડૂતોને રાત્રે ઉજાગરામાંથી મુક્તિ આપવામાં આવી છે. ગુજરાતના કુલ ૧૮,૨૨૫ ગામ પૈકી ૧૭,૧૯૩ ગામમાં ૨૦,૫૧,૧૪૫ જેટલા ખેતીવાડી વીજ જોડાણો કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૬,૫૬૧ ગામના ૧૮,૯૫,૭૪૪ જેટલા ખેડૂતોને દિવસ દરમ્યાન વીજળીર આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે, રાજ્યના ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ આ અંગે જણાવ્યું હતું કે, 'કિસાન સૂર્યોદય યોજના' અંતર્ગત ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે. જેમાં બાકી રહેતા ૪ ટકા ગામો પૈકી મોટા ભાગના ગામો દ્વારકા, કચ્છ અને બનાસકાંઠા જિલ્લાના છે. આ બાકી રહેલા ૬૩૨ જેટલા ગામના ૧,૫૫,૪૦૧ જેટલા ખેડૂતોને પણ દિવસે વીજળી માટેની કામગીરી પ્રગતિમાં છે અને આ કામગીરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. દિવસે વીજળી મેળવી રહેલા ૧૬,૫૬૧ ગામના ખેડૂતો પૈકી ૧૧,૯૨૭ ગામના ખેડૂતોને સિંગલ શિફ્ટમાં સવારે ૮થી સાંજના ૪ અને સવારે ૯ થી સાંજના ૫ વાગ્યાના સમય દરમ્યાન દિવસે વીજળી



આપવામાં આવે છે તથા ૪,૬૩૪ ગામના ખેડૂતોને બે શિફ્ટમાં એટલે કે સવારે ૫ થી બપોરના ૧ અને બપોરના ૧ થી સાંજે ૯ વાગ્યા સુધી દિવસે વીજળી આપવામાં આવી રહી છે. ઊર્જા મંત્રીએ કહ્યું હતું કે, સુશાસનના ભાગ રૂપે તાજેતરમાં ગાંધીનગર જિલ્લામાં નાનાચીલોડા અને સરગાસણ, બનાસકાંઠાના થરાદ, અમદાવાદના ઘુમા અને બાકરોલ તેમજ ખેડા જિલ્લામાં પીપલગ ખાતે એમ કુલ ૬ નવી પેટા વિભાગીય કચેરીઓ મંજૂર કરવામાં આવી છે. જેમાં અંદાજે ૨૫૧ જેટલા અધિકારી કર્મચારીઓનું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે. વધુમાં, છેલ્લા ત્રણ વર્ષમાં ૩૦ નવી પેટા વિભાગીય અને ૩ વિભાગીય કચેરીઓ મંજૂર કરવા સાથે છેલ્લા દાયકામાં ખેડૂતોને ૧૦ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે, એટલે કે વર્ષે સરેરાશ ૧ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, ગુજરાતનો સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૨,૨૩૮ યુનિટ છે જે દેશની સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૧,૨૫૫ કરતાં લગભગ બમણો જેટલો છે, ''પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના'' હેઠળ દેશના ૧ કરોડના લક્ષ્યાંક સામે ગુજરાતમાં ૨ લાખ ૪૨ હજારથી વધુ વીજ ગ્રાહકોના મકાન ઉપર ૯૦૦ મેગા વોટથી વધુ ક્ષમતાની સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરીને ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.

# વડોદરા : પતંગની દોરીથી બે યુવકો ઈજાગ્રસ્ત બન્યા

વડોદરા, તા.૪ વડોદરામાં પતંગની દોરીના કારણે બે યુવકોને ઇજા થઇ હતી. તેઓને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

નિઝામપુરામાં રહેતો ધ્રુવ અજીતભાઈ સોલંકી (ઉ.વ.૨૦) અને તેનો મિત્ર રોનક બાઈક લઈને હાથીખાના બજારમાં અનાજ લેવા માટે જતા હતા. તે સમયે પતંગની દોરી આવી જતા ધ્રુવને ગળા ઉપર ઇજા થઇ હતી. તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યારે અન્ય એક બનાવમાં ગાજરાવાડીમાં રહેતો ૨૪ વર્ષનો યુવરાજ મહેશભાઈ રાઠોડ ગાજરાવાડી અર્બન સેન્ટરમાં લેબ ટેકનિશિયન તરીકે નોકરી કરે છે. તે સુદામાપુરી અર્બન સેન્ટરમાં બાઇક લઇને જતો હતો. તે દરમ્યાન પતંગની દોરીના કારણે નાક પર ઇજા થતા સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો. તેને નાક ઉપર ત્રણ ટાંકા આવ્યા હતા. સારવાર બાદ તેને રજા આપવામાં આવી હતી.

# ઈમરાન ખાને નજરકેદની ઓફર ફગાવી, રાજકીય કેદીઓને મુક્ત કરવાની માંગ કરી



રાવલપિંડી, તા. ૪ જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઇમરાન ખાને આરોપ લગાવ્યો છે કે, વાટાઘાટો માટે સંમતિ આપવાના બદલામાં તેમને નજરકેદનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. જોકે, ખાને આ ઓફર ફગાવી દીધી અને કહ્યું કે રાજકીય કેદીઓને પહેલા મુક્ત કરવા પડશે. રાવલપિંડીની અદિયાલા જેલમાં વકીલો અને પત્રકારો સાથે વાત કરતા પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીના વર્ડ ખાને વર્ષ ૨૦૨૪ને પાકિસ્તાન માટે પડકારજનક વર્ષ ગણાવ્યું હતું. એક્સ ઉપર તેમણે કહ્યું, ''મને સોદા માટે મળેલો પ્રસ્તાવ આ હતો : ''અમારી સાથે વાટાઘાટો કરો અને અમે તમારી પાર્ટીને 'રાજકીય સ્થાન' આપીશું, પરંતુ તમને નજરકેદ કરીને બાની ગાલા ખસેડવામાં આવશે.'' મારો જવાબ હતો કે બીજા બધા રાજકીય કેદીઓને પહેલા મુક્ત કરવા જોઈએ. હું કોઈપણ સોદો સ્વીકારવા કરતાં જેલમાં રહેવાનું પસંદ કરીશ. હું ન તો નજરકેદમાં જઈશ કે ન તો ખૈબર પખ્તુનખ્વાની કોઈપણ જેલમાં જઈશ. મારા રાષ્ટ્રને મારો સંદેશ એ છે કે હિંમત ન હારવી; તમારા કેપ્ટન મક્કમ છે! ખાને વિદેશમાં રહેતા પાકિસ્તાનીઓને માફીનો બહિષ્કાર કરવા માટે ઝુંબેશમાં જોડાવા પણ હાકલ કરી હતી. તેમણે દેશમાં કાયદાના શાસન તરફ ધ્યાન ન આપવાની ટીકા કરી હતી જેના કારણે રોકાણકારો તેમની મૂડી પાછી ખેંચી રહ્યા હતા અને કારખાનાઓ બંધ થઈ ગયા હતા. તેમણે કહ્યું કે જો કાયદાના શાસનને પ્રાથમિકતા અપાઈ હોત તો પાકિસ્તાન રોકાણ આકર્ષિત કરી શક્યું હોત જેનાથી દેશની અર્થવ્યવસ્થા સ્થિર થઈ હોત. નાગરિકોના કેસોમાં લશ્કરી અદાલતોના ઉપયોગ અને ''રાજકીય ઈજનેરી અને પીટીઆઈને તોડી પાડવા'' તરફ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓના વલણ વિશે બોલતા ખાને કહ્યું, ''પારદર્શક ટ્રાયલ એ નાગરિકોનો મૂળભૂત બંધારણીય અધિકાર છે. લશ્કરી અદાલતોમાં કેસ ચલાવવાથી નાગરિકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાન માટે ગંભીર શરમજનક સ્થિતિ ઉભી થઈ છે.'' તેમણે જણાવ્યું કે ''ગુપ્તચર એજન્સીઓ આપણી સરહદોનું રક્ષણ કરવા અને આતંકવાદને રોકવા માટે છે. જો તેમનું ધ્યાન રાજકીય ઈજનેરી અને પીટીઆઈને તોડી પાડવા ઉપર હોય તો આપણી સરહદોનું રક્ષણ કોણ કરશે? તેમણે તેમની નીતિઓ પર પુનઃ વિચાર કરવો જોઈએ. અફઘાનિસ્તાન ઉપર બે વાર બોમ્બમારો કરવામાં આવ્યો છે. અગાઉ એવો દાવો કરાયો હતો કે શરણાર્થીઓને બળજબરીથી પાછા મોકલવાથી આતંકવાદ ઘટશે પરંતુ તેનાથી ફક્ત નફરત જ ભડકી, જે પ્રાદેશિક શાંતિ માટે હાનિકારક છે. બિલાવલ જ્યારે વિદેશ મંત્રી હતા ત્યારે તેમણે એક પણ વાર અફઘાનિસ્તાનની મુલાકાત લીધી ન હતી, જોકે તે પ્રાથમિકતા હોવી જોઈતી હતી. મેં જનરલ (નિવૃત્ત) બાજવાને તો કહ્યું હતું કે તેઓ જનરલ (નિવૃત્ત) ફૈઝનું સ્થાન ન લે કારણ કે અમેરિકન દળો ગયા પછી અફઘાનિસ્તાનની પરિસ્થિતિ ખૂબ જ અલગ હશે. જોકે, તેઓ પાકિસ્તાનને ફાયદો કરાવવાને બદલે પોતાના વિસ્તરણને સક્ષમ બનાવવા માટે નિર્ણયો લઈ રહ્યા હતા. જેના કારણે પાકિસ્તાનને નુકસાન થયું કારણ કે આતંકવાદમાં વધારો થયો હતો. ઇમરાન ખાન ૫૦૦ દિવસ કરતાં વધુ સમયથી જેલમાં છે.

# વિટામિનના સપ્લિમેન્ટ્સ લેવા કે પછી ગોળીઓ ખાવી કેટલે અંશે યોગ્ય ?

**ફળો અને શાકભાજી વિટામિન્સ અને મિનરલ્સનો કુદરતી સ્ત્રોત છે. જ્યારે દવાઓ કૃત્રિમ, હેલ્ધી રહેવા માટે ડાયટની ચિંતા ન કરવી પડે એ માટે આજકાલ લોકો સામાન્ય સંજોગોમાં પણ આ ગોળીઓ ખાવા લાગ્યા છે જે ચિંતાજનક પરિસ્થિતિ છે. બિમારીમાંથી ઉઠયા હો કે ખોરાક ન લઈ શકતા હો એ સંજોગોમાં ઉપયોગી એવા આ સપ્લિમેન્ટસ લાંબા ગાળે અત્યંત નુકશાનકારક સાબિત થાય છે**


આજકાલ સમય ઈન્ટરનેટનો છે. દરેક વસ્તુ તાત્કાલીક મળવી જોઈએ. પ્રોસેસમાં કોઈને રસ નથી પડતો. થોડીક નબળાઈ લાગવી, હાથપગ તુટવા લાગ્યા, મગજ જલ્દી થાકવા લાગવું, ચહેરા ઉપર ફીકાશ દેખાવા લાગી, સ્નાયુઓ ખેંચાવા લાગ્યા અને તમે થોડા જાણકાર હો અને તમને લાગ્યું કે શરીરમાં પોષણની એટલે કે વિટામીન અને મિનરલ્સની કમી થઈ ગઈ લાગે છે. તો તાત્કાલીક ડોકટર પાસે ગયા કે ન ગયા તો મેડિકલ સ્ટોર ઉપર જઈને મલ્ટી વિટામીનની ગોળીઓ લઈ આવ્યા. બસ ચિંતા મટી ગઈ. ઘણા એવા લોકો પણ છે જે કહે છે કે અમને હેલ્થની ચિંતા કરવા જેટલો સમય નથી માટે દરરોજ વિટામીનના સપ્લીમેન્ટસ લઈએ છે એટલે બરાબર ખાધુ કે ન ખાધુ તો પણ શરીરની ચિંતા નહી આજકાલ અમુક ડોકટરો પણ એવું કહેવા લાગ્યા છે કે ડાયટ વ્યવસ્થીત કરતા તો વાર લાગશે અને ધીમે ધીમે શરીરની જરૂરત પુરી થશે એને બદલે ગોળીઓ લઈ લો. પછી કરતા રહેજો ડાયટ ઠીક હકીકત એ છે કે આ પરિસ્થીતીમાં દર્દી ગોળીઓ ઉપર નિર્ભર રહીને ડાયટ ઠીક કરવાનું માંડી જ વાળે છે શું ફળો અને શાકભાજીમાંથી મળતા વિટામીન અને મિનરલ્સ અને ગોળીઓમાંથી મળતા વિટામિન્સ અને મિનરલ્સ સરખા છે ? શરીર માટે એ બંનેનું મહત્વ એક જ છે ? એક ફળ જે તમને આપે છે એ પોષણ એક ગોળી તમને આપી શકે ? ફળ કુદરતી છે અને દવા સપ્લિમેન્ટસ કે ગોળીઓ કુત્રિમ આજે આપણે એ સમજવાની કોશીષ કરીએ કે ફળ અને સપ્લિમેન્ટસ બંનેમાં ફાયદાકારક આપણા માટે શું છે.

**૭૦ ટકા પાણી :-**

માનવ શરીર ૭૦ ટકા પાણીનું બનેલું છે એ જ રીતે ફળોમાં પણ વિટામિન્સ અને મિનરલ્સની સાથે સાથે ભારી માત્રામાં પાણી છે. આ વાત સમજાવતા ડોકટર કહે છે કે તર્કની દ્રષ્ટીએ વિચારીએ તો માનવ શરીર માટે એવી વસ્તુ જે તેના શરીર જેવી જ બનેલી છે. એ વધુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. શાકભાજીમાં પણ એટલું જ પાણી છે. પરંતુ ફળ જેટલું બેસ્ટ કંઈ જ નથી. આ બાબતે શાકભાજી પણ ફળો પછીનું સ્થાન ધરાવે છે. જ્યારે સપ્લીમેન્ટરીની વાત કરીએ તો એમાં પાણીનું આર્ટિફિશ્યલ અને સિન્થેટિક કમ્પોઝિશન વાપરવામાં આવે છે જેને લીધે શરીરને જેટલું જોઈએ છે એના કરતા વધારે પ્રમાણમાં ન્યુટ્રિશનનો ભરાવો થઈ જાય છે. જે અમુક વાર નુકશાનકારક સાબિત થઈ શકે છે.

**ફાઈબર્સ :-**

ફળોમાંથી ફક્ત વિટામીન્સ અને મિનરલ્સ જ નહી ભરપુર માત્રામાં ફાઈબર્સ પણ મળે છે. અમેરિકન હાર્ટ એસોસિએશનની સલાહ મુજબ ૨૫ થી ૩૦ ગ્રામ ફાઈબર્સ દરેક વ્યક્તિએ લેવા જોઈએ. જે હિસાબે કોઈપણ વ્યક્તિએ ઓછામાં ઓછા પાંચ પોર્શન ફળો અને શાકભાજીના લેવા જરૂરી છે. જેમાંથી ૪૦ થી ૬૦ ટકા જેટલું પોષણ આપણને મળે છે અને બાકીનું ધોવાઈ જાય છે. કારણ કે આપણું શરીર એ જ રીતનું બનેલું છે. આ બાબતે ડાયટિશન કહે છે ઘણા લોકો માને છે કે સપ્લીમેન્ટરી લઈએ



તો પોષણ તો મળી જ રહે છે. સમજીએ તો ટીકડીમાંથી વિટામિન્સ કે મિનરલ્સ તો મળી જ રહેશે. પરંતુ એની સાથે જ અત્યંત જરૂરી છે. એવા ફાઈબર્સ નહી મળે કારણ કે એ ફક્ત ફળો અને શાકભાજીમાંથી જ મળે છે. આ ફાઈબર્સ પાચન માટે અત્યંત ઉપયોગી અને જરૂરી વસ્તુ છે. આમ સંપુર્ણ પોષણ માટે તો ફળો જ ખાવા વધુ યોગ્ય છે.

**ઈન્સ્ટન્ટ એનર્જી :-**

ફળોમાંથી આપણને ઈન્સ્ટન્ટ એનર્જી મળે છે. કારણ કે એમાંથી ફ્રુકટોઝ નામની શુગર મળે છે. જે શરીરના કોષોને તાત્કાલીક ઉર્જા પ્રદાન કરે છે. પરંતુ સપ્લીમેન્ટસમાં એવું નથી થતું કારણ કે શરીરમાં એનો એબ્સોર્સ થતા વાર લાગે છે. એનું પાચન જલ્દીથી નથી થઈ જતું અને એટલે જ એ ઈન્સ્ટન્ટ એનર્જી નથી આપી શકતું. આ વાત સાથે મહત્વનો મુદ્દો ઉમેરતા ડાયટિશ્યન કહે છે એટલું જ નહી જેટલી સરળતાથી ફળોમાંથી મળતા વિટામિન્સનું શરીરમાં પાચન થાય છે એટલું વ્યવસ્થિત અને સરળ પાચન ગોળીઓમાંથી મળતા વિટામિન્સ નથી થતું એથી જ ગોળીઓમાં રહેલા કુલ વિટામિનનો ઘણો મોટો ભાગ શરીરમાં શોષાયા વગરનો વેડફાઈ જાય છે. આવુ ફળોમાં નથી થતું.

**શું કરવું ?**

સપ્લીમેન્ટસ અમુક પરિસ્થિતિમાં જરૂરી અને ઉપયોગી છે. ખાસ કરીને ત્યારે જયારે વ્યક્તિ જમી ન શકતી હોય બીમારીમાંથી ઉભી જ થઈ શકતી ન હોઈ અથવા કોઈ એવી પરિસ્થિતિ જેમાં તેને સામાન્ય કરતા વધુ પોષણની જરૂર હોય જેમ કે પ્રેગ્નસી પરંતુ આવી ગંભીર અને જરૂરી સમયે પણ ડોકટરની સલાહ મુજબ જ વિટામીન કે મિનરલ્સની ગોળીઓ લેવી સામાન્ય સંજોગોમાં આ સપ્લીમેન્ટસનો ઉપયોગ ટાળવો અને હેલ્ધી ડાયટ ઉપર વધુ ધ્યાન આપવું પરંતુ પોષણ શરીરને કુદરતી ખોરાક જ આપી શકે છે. એ વાત હંમેશા યાદ રાખવી.

**સપ્લિમેન્ટસ લેવાનો ગેરલાભ :-**

ડાયટિશ્યન પાસેથી જાણીએ સપ્લિમેન્ટસ લેવાના ગેરલાભ નેચરલ વિટામિન્સ બંનેમાં વધુ નહી તો થોડો એ ફર્ક છે કે શરીરને જે સૌથી વધુ માફક આવે છે અને લાભદાયક સાબિત થાય છે એ નેચરલ સોર્સમાંથી પ્રાપ્ત વિટામિન્સ જ છે સિન્થેટિક કે કેમિકલથી લેબમાં બનાવેલી વિટામીન ગોળીઓથી ટુંકા સમય માટે ફાયદો થઈ શકે છે. પરંતુ લાંબા ગાળે એ નુકશાન કરે છે. ફુડ સપ્લિમેન્ટસ અમુક પ્રકારની સાઈડ ઈફેક્ટ પણ લાવી શકે છે. જેમ કે વિટામીન વધુ માત્રામાં લેવામાં આવે તો લિવરને ડેમેજ કરી શકે છે. હાડકાની સ્ટ્રેંગ્થ ઘટાડી શકે છે. માથાના દુઃખાવાનું કારણ બની શકે છે. અને જો ગર્ભવતી સ્ત્રી એ વધુ લેતી હોય તો તેના બાળકોને જન્મજાત ખામી આવી શકે છે. અમુક પ્રકારના મિનરલ્સને વધુ માત્રામાં કે લાંબો સમય લેવામાં આવે તો ઉબકા ઉલ્ટી ચક્કર આવવા, વજન ઘટી જવું, નસોમાં ડેમેજ થવું, સ્નાયુ નબળા પડવા જેવી કોઈપણ સમસ્યા આવી શકે છે. સપ્લિમેન્ટસ લેતી વખતે એક ખતરો હંમેશા રહે છે કે એનાથી વ્યક્તિને ઓવરડોઝ ન થઈ જાય. મોટાભાગે વ્યક્તિઓ ડોકટરની સલાહ મુજબ સપ્લિમેન્ટસ લેતી નથી. પરંતુ પોતાની રીતે લેતી હોય છે. એને લીધે આ ખતરો ખુબ વધી જાય છે. ખોરાકમાં આ જોખમ ક્યારેય નથી હોતું જેમ કે સંતરામાંથી વિટામીન ઈ ભરપુર માત્રામાં મળે છે. તમે બે ડઝન સંતરા ખાઈ જાઓ તો પણ વિટામીન ઈનો અતિરેક શરીરમાં થતો નથી. પરંતુ ગોળીમાં એકને બદલે બે ખવાઈ જાય તો પણ તકલીફ પડી શકે છે.

# દેશભરમાં લાખો લોકોએ કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો અદ્‌ભુત નજારો નિહાળ્યો

## રાજકોટ સહિત સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષા નિહાળી લોકો ઝૂમી ઉઠયા, અવકાશમાં રોમાંચક આતશબાજી, દ્રશ્યો જોવા મળ્યા



અમદાવાદ તા. ૪

અસાધારણ વર્ષ ૨૦૨૫ ના સ્વાગતમાં દુનિયાભરનાં ખગોળપ્રેમીઓએ અવકાશમાં કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો અદ્દભૂત નજારો નિહાળી ઝૂમી ઉઠયા હતાં. ઉલ્કાવર્ષા નિહાળી લોકો રોમાંચિત થઈ ગયા હતાં. પ્રારંભમાં કલાકની ૮ થી ૧૫ ઉલ્કાવર્ષા પછી તા.૨ અને ૩ એ મધ્યરાત્રિએ કલાકની ૧૫ થી ૧૦૦ ઉલ્કાવર્ષા સ્પષ્ટ જોઈ શકાઈ હતી. રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની અપીલનો નજારો પ્રતિસાદ મળતાં દેશભરમાં લાખો લોકોએ અને રાજયમાં દસ લાખ વિજ્ઞાનપ્રેમીઓ, જિજ્ઞાસુઓએ અવકાશી ઉલ્કાવર્ષાનો અદ્દભૂત નજારો નિહાળ્યો હતો.

જાથાના રાજય ચેરમેન–એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે અવકાશમાં તા. ૨ અને ૩ જાન્યુઆરી મધ્યરાત્રિથી પરોઢ સુધીમાં ક્રમિક ઉલ્કાવર્ષા પડી હતી. શરૂઆતમાં આંકડો નહિંવત હતો, પરંતુ તા.૨ થી ૩ જાન્યુઅરી સુધી રાત્રિથી પરોઢની વચ્ચે કલાકની ૧૫ થી ૧૦૦ ઉલ્કા વર્ષા સ્પષ્ટ નિહાળી શકાઈ હતી. જાથાનું રાજય કક્ષાનું આયોજન રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મેટોડા ગામે તથા વિજ્ઞાન જાથાની શાખાઓ દ્વારા જાહેર જગ્યાએ યોજવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્માંડની ઉત્પત્તિ, સૂર્ય તેની પરિક્રમા કરતાં ગ્રહો, ધૂમકેતુ, ઉલ્કા વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. ખગોળપ્રેમીઓએ ખુલ્લા આકાશમાં ઉલ્કા વર્ષ મધ્યરાત્રિ બાદ કલાકની ૧૦૦ જેટલી ઉલ્કા પડતી નજરે જોઈ, બાદ તા. ૧ થી તા. ૩ ની વહેલી પરોઢ સુધી મહત્તમ ઉલ્કા વર્ષા પડતી નિહાળી ખગોળપ્રેમીઓએ અવકાશી ઘટનાનો આનંદ લૂંટયો હતો. રાજયકક્ષાના કાર્યક્રમમાં આગેવાન ખામટા મહિલા કોલેજના પ્રો.શાંતિભાઈ રાબડીયા, અક્ષયભાઈ રૂપારેલીયા, વિજયભાઈ સોજીત્રા, હર્ષદભાઈ પીપળીયા, કિશોરભાઈ સોજીત્રા, લાલજીભાઈ સોજીત્રા સહિત આગેવાનોની હાજરીમાં ઉલ્કાવર્ષા નિહાળવાનો કાર્યક્રમ યોજાયો હતો.

જાથાના જયંત પંડયાએ ઉલ્કા વિશે માહિતી આપતા જણાવ્યું કે રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. અંધારી રાત્રે આકાશ સ્વચ્છ હોય એવા સમયે એક કલાકમાં ૧૦–૧૨ ઉલ્કાઓ ખરતી જોવા મળી હતી. જેમાંની ઘણીખરી તો ભૂસપાટી સુધી પહોંચી શકી ન હતી. હવા સાથેનું ઘર્ષણ તેમને ભસ્મીભૂત કરી દે છે. જમીન પર તેમના છૂટાછવાયા રજકણો જ પથરાય છે. ઉલ્કાના સ્વરૂપે આવેલી ધૂળને લોહચુંબક વડે ઓળખી કાઢવાનું સહેલું છે. સરેરાશ ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. બંને પદાર્થો લોહચુંબક પ્રત્યે આકર્ષાય તેવા છે. અંતરીક્ષમાં લઘુગ્રહો જેવા ભંગારનો તોટો નથી. આ ભંગારમાં ધૂળ છે, કાંકરા છે, પથરા છે અને વિશાળ ખડકો પણ છે. અંતરીક્ષ વચ્ચે તેમનો છૂટોછવાયો સમુદાય જયાં ત્યાં ભટકયા કરે છે અને કયારેક પૃથ્વીના ગુરૂત્વાકર્ષણની હડફેટે ચડી જાય છે. અંતરિક્ષમાં કલાકના ૧,૦૭,૨૨૦ કિલોમીટરના પૂરપાટ વેગે આગળ વધતી પૃથ્વી તેમને સતત પોતાના વાતાવરણમાં ખેંચતી રહે છે. ભંગાર જેવો વાતાવરણમાં દાખલથાય કે તરત ઘટ્ટ વાતાવરણમાં હવા સાથે ઘર્ષણ પામીને સળગવા માંડે છે. અંધારી રાત્રે તેનો તેજલીસીટો આકાશમાં પથરાય છે. જે આપણે આજે નરી આંખે જોઈ શકયા છીએ. યુરોપ ખંડમાં કલાકમાં ૩૦ થી ૧૦૦ ઉલ્કા પડતી જોવા મળી હતી. વધુમાં પંડયાએ ખગોળશાસ્ત્રની ભાષામાં 'મિટિઓર શાવર' સમજાવતા કહ્યું કે સામાન્ય રીતે છુટીછવાઈ ઉલ્કા પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરતી હોય છે. પરંતુ ઘણીવાર એકસામટી હજારો કે લાખો ઉલ્કાનો રીતસરનો વરસાદ પડતો જોવા મળે છે તેને કહે છે. ખગોળવિદોએ કરેલી એક ગણતરી મુજબ છેલ્લા ૬૦ કરોડ વર્ષમાં પૃથ્વી પર આશરે ૨,૦૦૦ પ્રચંડ ઉલ્કાપાતો થયા છે. ઘણીખરી ઉલ્કાઓ સમુદ્રમાં પડી છે, એટલે પૃથ્વી પર તેમની પછડાટનાં ચિન્હો કયાંય જોવા મળતા નથી. અમેરિકાના એરિઝોના રાજયના રેગિસ્તાનમાં લગભગ ૨૨,૦૦૦ વર્ષ પહેલાં ભયંકર ઉલ્કાપાત થયો હતો. આશરે ૧૦૦ ફીટ વ્યાસ ધરાવતી ૧,૦૦,૦૦૦ ટન વજનની ઉલ્કા એરિઝોનાના આકાશમાં કલાકના ૪૦,૦૦૦ કિલોમીટરના વેગે દાખલ થઈ હતી અને છેવટે પ્રચંડ પ્રહાર સાથે જમીન ઉપર પટકાતા જમીનમાં ૪,૦૦૦ ફીટના વ્યાસનો આશરે ૬૦૦ ફીટ ઊંડો ગોબો (ખાડો) પડી ગયો. બધુ મળીને ૪૦ કરોડ ટન ખડકો, માટી અને પથરા આકાશમાં ફેંકાયા અને ખાડાના ધારે જમીન ૧૫૦ ફીટ ઉંચકાઈ આવી. વર્તમાન સમયે ચંદ્ર ઉપરથી જોઈ શકાય તેવી વ્યવસ્થા વિજ્ઞાને શોધી છે.

ખગોળપ્રેમીઓ અને છાત્રાઓની જીજ્ઞાષા સંતોષવા જયંત પંડયાએ જણાવ્યું કે ખગોળશાસ્ત્રીઓ માને છે કે આશરે સાડા છ કરોડ વર્ષ પહેલાં એક તોતિંગ ઉલ્કાના વજપાતે પૃથ્વી પર જીવસૃષ્ટિનો સફાયો કરી નાખ્યો હતો. મહાકાય ડાયનોસોર તે સમયે મરી પરવાર્યા અને બીજા કરોડો વર્ષ પછી પૃથ્વી પર નવેસરથી જીવસૃષ્ટિની રચના થઈ. છેલ્લાં ૬૦ કરોડ વર્ષમાં અનેક ઉલ્કાઓ પૃથ્વી પર જો ખરેખર ત્રાટકી હોય તો સમજવાનું કે આવું ભૂતકાળમાં અનેક વખત બન્યું તેમ ભવિષ્યમાં પણ બનવાનું પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપતા લગભગ ૨,૦૦૦ લઘુગ્રહો અંતરિક્ષમાં ઘૂમી રહ્યાં છે. કયારેક ઓચિંતા ટકરાય તો આશ્ચર્ય પામવા જેવું નથી. રોજની સરેરાશ ૧૦ કરોડ ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે, જેમની રાખ દર વર્ષે પૃથ્વીનું વજન ૪૦,૦૦,૦૦૦ ટન જેટલું વધારી દે છે. છેલ્લા પાંચ હજાર વર્ષ દરમ્યાન ધરતી પર જે ઉલ્કાઓની રાખ વેરાઈ તેનો ૧ ઈંચ જાડો થર બન્યો છે. ૧૨,૭૫૬ કિલોમીટરનો વ્યાસ ધરાવતી સમગ્ર પૃથ્વીના સંદર્ભમાં રાખના જથ્થાનું પ્રમાણનો અંદાજ રાખવો જોઈએ.

જાથાના પંડયાએ ઉલ્કા વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે ઉલ્કા એ કોઈ ધૂમકેતુએ છોડી દીધેલો ભંગાર છે. તેમાં નાના પથ્થરા, પથ્થરનો ભુક્કો, રજકણો, રેતીના કણો જેવા પદાર્થ હોય છે. મંગળ અને ગુરૂની વચ્ચે પણ ઘણો બધો ભંગાર પડયો છે. ઘણી વખત તેમાં ધાતુના ટુકડા પણ હોય છે. ગ્રહોની રચના વખતનો ઘણો બધો પદાર્થ અંતરીક્ષમાં વેરાયેલો પડયો છે જે અવકાશમાં નિશ્ચિત રસ્તે ફરતો રહેતો હોય છે. અંતરીક્ષમાં ફરતાં ભંગાર પાસેથી જયારે પૃથ્વી પસાર થાય છે ત્યારે આવા રજકણો કે ટુકડા જેવા પદાર્થો પૃથ્વીના ગુરૂત્વાકર્ષણને કારણે પૃથ્વી તરફ ખેંચાઈ આવે છે. તે પદાર્થ જેમ પૃથ્વીની નજીક આવે છે તેમ તેની ગતિ વધતી જાય છે. આ ગતિ કલાકના પચાસ હજાર કિલોમીટરથી પણ વધુ હોઈ શકે છે. પૃથ્વીનું વાતાવરણ ઘટ્ટ હોતાં તે વાતાવરણથી ઘર્ષણ પામે છે અને ગરમ થાય છે ત્યારે તે પદાર્થ સળગી ઉઠે છે. આપણને તેજ લીસોટા સ્વરૂપે દેખાય છે.

ઉલ્કા પડવાથી કંઈ નુકશાન થાય તે વિશે પંડયાએ જણાવ્યું કે દરરોજ કેટલાય ટન સ્વરૂપે ઉલ્કાઓ વાતાવરણમાં પ્રવેશે છે પરંતુ મોટા ભાગની ઉલ્કાઓ પૃથ્વીની સપાટી સુધી પહોંચતી નથી અને વાતાવરણમાં જ બળીને રાખ થઈ જાય છે તે પૈકીની કોઈક ટુકડો જે કદમાં મોટો છે અને સંપૂર્ણ બળી શકયો ન હોય તે પૃથ્વી સુધી પહોંચે છે. ત્યાં સુધીમાં તે ઘણો નાનો થઈ ગયો હોય છે. પૃથ્વી ઉપર મોટાભાગે પાણી, રણ, જંગલ, પહાડો જેવા પ્રદેશો હોય, વસ્તીવાળા વિસ્તારમાં ઉલ્કા પડવાની શકયતા ઘટી જાય છે. નજીકના ભૂતકાળમાં ઉલ્કા પડવાના કારણે નુકશાન કે જાનહાની થઈ હોય તેવું જાણમાં નથી.

પ્ઉલ્કાખંડના મુખ્યતઃ ત્રણ પ્રકાર છે. (૧) મેટાલીક કે જેમાં ધાતુ તત્વનું પ્રમાણ વધુ હોય, (૨) સ્ટોની જેમાં પથ્થરનું પ્રમાણ વધુ હોય, (૩) સેમી મેટાલીક કે જેમાં ધાતુ અને પથ્થર બંને પદાર્થોની હાજરી હોય તાજેતરમાં કચ્છમાં પડેલી ઉલ્કા બીજી પ્રકારની જણાય છે. તેમાં પથ્થરના ભાગ વધુ છે. રાજયભરમાં જાથાએ જિલ્લા, તાલુકા મથકે અને જાથાની શાખાઓમાં ઉલ્કા નજારાના કાર્યક્રમો આપ્યા હતા.

# આજે પૃથ્વી સૂર્યથી સૌથી નજીકની ખગોળીય ઘટના : વિજ્ઞાન જાથા

## વર્ષમાં બે વાર સૂર્યથી પૃથ્વી નજીક –દૂરની ઘટના બને છે, આજે સૂર્યથી પૃથ્વીનું ૧૪૭૧૦૩૭.૧૯ કિલોમીટરનું અંતર

અમદાવાદ તા. ૪

દેશભરમાં ભારત જન વિજ્ઞાન જાથાની કચેરી આકાશમાં રોજબરોજ બનતી ખગોળીય ઘટનાથી લોકોને અવગત કરી અવકાશ તરફ નજર કરતા થાય તેનું અભિયાન ચાલી રહ્યું છે. અત્યારે આકાશમાં મધ્યરાત્રિથી લોકો ઉલ્કાવર્ષાનો આનંદ લૂંટી રહ્યા છે ત્યારે આજે તા. ૪ જાન્યુઆરીએ પૃથ્વી સૂર્યથી સૌથી નજીકની ખગોળીય ઘટના બનવાની છે. તેને પેરીહેલીયન કહેવામાં આવે છે. વર્ષમાં બે વાર સૂર્યથી પૃથ્વી નજીક અને દૂરની ઘટના બને છે. લોકો ખગોળ તરફ રૂચિ કેળવવાનો જાથાનો પ્રયત્ન છે.

જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે આજે શનિવારે પૃથ્વી સૂર્યની નજીક પેરીહેલીયન સાંજે ૧૮ કલાક ૫૭ મિનિટે ૦.૯૮૩૩૨૭૫ એ.યુ. લગભગ ૧૪૭૧૦૩૭.૧૯ કિલોમીટરનું અંતર રહેશે. પૃથ્વી સૂર્યથી દૂર એફેલિયન જુલાઈ તા.૪ ના ૧ કલાક ૧૮ મિનિટે ૧.૦૧૬૬૪૩૭ એ.યુ. લગભગ ૧૫૨૦૮૭૭૩૨.૭૭ કિલોમીટર સૂર્યથી દૂર પૃથ્વી હશે. નજીક કે દૂરનો ફેરફાર લગભગ ૩ ટકા જેટલો જ હોય છે.

વધુમાં જયંત પંડયા જણાવે છે કે આ વર્ષ ૨૦૨૫ ને અસાધારણ વર્ષ કહેવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ માં આ સમય લગભગ ૩૬૭ દિવસ અને ૧૨ કલાક ૫૩ મિનિટનો સમયગાળો રહેવાનો છે. અત્યારે આકાશમાં લોકો કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળી રહ્યા છે. ૧૨ જાન્યુઆરી સુધીના સમયગાળામાં બે દિવસ ઉલ્કાવર્ષા નિહાળી લોકો રોમાંચિત થયા હતા. આપણી પૃથ્વી વર્ષમાં એક વખત સૂર્યની તદ્દન નજીક રહીને પરિભ્રમણ કરે છે. જેને પેરિહેલીયન એવું ખગોળીય નામ આપવામાં આવ્યું છે. ગ્રીક ભાષામાં પેરીનો અર્થ નજીક અને હેલીયોસનો અર્થ સૂર્ય થાય છે. એટલે કે સૂર્યનું તદ્દન નજીક હોવું. જો કે આ સમયગાળામાં આપણા ભારત સહિતના ઉતર ગોળાર્ધના દેશોમાં ઠંડી અને શિયાળાની ઋતુ હોય છે. જાથાના પંડયા જણાવે છે કે ભારત સહિતના ઉતર ગોળાર્ધના દેશોમાં ઠંડી અને શિયાળાની ઋતુ હોય છે. પૃથ્વીની અક્ષ નમેલી છે આથી સૂર્ય પૃથ્વીથી સૌથી નજીક હોવા છતાં ભારત પર સૂર્યના કિરણો હાલ સીધા પડતા નથી એટલે ઠંડી લાગે છે. ઉતર ગોળાર્ધમાં અને ભારત જયાં છે તે કર્કવૃતમાં સૂર્યના કિરણો દૂર રહે છે. ઋતુઓનું કારણ પણ પૃથ્વી ઝુકેલી ફરે છે. નહીં કે સૂર્યની તદ્દન નજીકથી પૃથ્વી પસાર થતી હોવા છતાં ભારતમાં તો શિયાળાની ઠંડી રહે છે. અંતમાં, પૃથ્વી સૂર્યથી સરેરાશ ૧૫ મિલિયન કિલોમીટરના અંતરે પરિભ્રમણ કરે છે પરંતુ આજે સૂર્યની નજીક પૃથ્વીનું અંતર રહેવાનું છે.


# સુપ્રસિદ્ધ યાત્રાધામ બેટ દ્વારકામાં ફરીવાર ફર્યું તંત્રનું બુલડોઝર

## સરકારી જમીન પર કબ્જો જમાવી બેઠેલા ભૂમાફિયાઓમાં ફફડાટ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૪

હાલ બેટ દ્વારકાનું વિકાસ ચાલુ હોવાથી સરકારી જમીન પચાવી લેનારો પાસેથી જમીન મુક્ત કરવાની તંત્ર દ્વારા કડક કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ગઈકાલે શુક્રવારે ઓખા નગરપાલીકા, ઓખા પોલિસ તેમજ દ્વારકા પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. બેટ દ્વારકાના સુદર્શન સેતુ નજીક ૮૦ મીટર જેટલી દીવાલ ધરાશાઈ કરવામાં આવી છે. જ્યારે દરીયા કિનારે હાજી કિરમાણી દરગાહ પાસે ૨૦૦ ફૂટનું બાંધકામ તોડવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. આમ ઓખા નગરપાલીકા દ્વારા બેટ દ્વારકામાં અનધિકૃત દબાણો દૂર કરવા આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં પ્રસિદ્ધ યાત્રાધામ બેટ દ્વારકામાં સરકારી જમીન પર દબાણ દૂર કરવાની કાર્યવાહી મોડે સુધી ચાલી હતી.



હાલમાં યાત્રાધામ દ્વારકા તથા બેટ દ્વારકા તથા અન્ય આજુબાજુના જોવાલાયક સ્થળોને વિકસાવવામાં આવી રહ્યા છે. ટૂંક સમયમાં દ્વારકા તથા યાત્રાધામ બેટ દ્વારકામાં કોરીડોરની કામગીરી ચાલુ થવાના એંધાણ દેખાઈ રહ્યા છે. ત્યારે દ્વારકા તથા બેટ દ્વારકામાં સરકારી જમીન પર કરવામાં આવેલ બિનઅધિકૃત દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે જે અંતર્ગત બેટ દ્વારકામાં સરકારી જમીન પર કરવામાં આવેલા અનઅધિકૃત દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્રના ઓખા નગરપાલીકા, પોલીસ સ્ટાફને સાથે રાખીને શુક્રવારે હાથ ધરાયેલ દબાણ હટાવ કામગીરીમાં બેટ દ્વારકાના સર્વે નં. ૨૬ અને સર્વે નં. ૩૮૬ ના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સર્વે નં. ૩૮૬ માં મૂકવામાં આવેલ અનધિકૃત કેબીનોને જાતે દૂર કરવાની ખાત્રી અપાતા તેમને ચોવીસ કલાકનો સમય આપી ખસેડી લેવા જણાવવામાં આવેલ છે. પ્રાંત અધિકારીના ટેલીફોનીક માર્ગદર્શનમાં ઉપરોકત દબાણ હટાવ કામગીરીમાં ઓખા નગરપાલીકાના ચીફ ઓફીસર, બેટ દ્વારકાના પી.આઈ., મામલતદાર કચેરીના સર્કલ ઓફીસર તથા તલાટી વિગેરે હાજર રહયા હતા.

# મુકેશ અંબાણી તથા અનંત અંબાણી દ્વારકાધીશના શરણે થયા નતમસ્તક

## પિતા-પુત્રએ ભગવાન દ્વારકાધીશને શીશ ઝુકાવીને નવા વર્ષની શરૂઆત કરી



જામ ખંભાળિયા, તા. ૪

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના માલિક મુકેશ અંબાણી તેમના પુત્ર અનંત અંબાણી સાથે ગઈકાલે શુક્રવારે સાંજે ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા હેલિકોપ્ટર મારફતે દ્વારકા આવ્યા હતા. ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પિતા-પુત્રએ ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા હતા. અહીં વારાદાર પુજારીએ શાસ્ત્રોકત વિધિ અનુસાર ભગવાન દ્વારકાધીશનું પૂજન કરાવ્યું હતું. જ્યાં દર્શન કરીને તેઓએ ધન્યતા અનુભવી હતી.

# અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કારકિર્દીને મળી ઉડાન

## જૂનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિના ૧૦ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે છેલ્લા ૨ વર્ષમાં રૂા.૧.૫૦ કરોડની લોન સહાય

જૂનાગઢ, તા.૪

જૂનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિના ૧૦ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે છેલ્લા ૨ વર્ષમાં રૂ.૧.૫૦ કરોડની લોન સહાય ચૂકવવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન સહાય યોજના હેઠળ માત્ર ૪ ટકાના વ્યાજ દરે લોન આપવામાં આવી રહી છે. આમ, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કારકિર્દીને ઉડાન મળી રહી છે.

આ યોજનાનો લાભ મેળવનાર વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ ૬ માસ પછીથી લોનની ભરપાઈ શરૂ કરવાની રહે છે. આ લોનની ભરપાઈ કરવા માટે ૧૦ વર્ષનો સમયગાળો પણ આપવામાં આવે છે.

જૂનાગઢ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૨૩- ૨૪ અને ૨૦૨૪- ૨૫ના ડિસેમ્બર માસના અંતિત સુધીમાં ૧૦ વિદ્યાર્થીઓની રૂ. ૧.૫૦ કરોડની લોન સહાય મંજૂર કરવામાં આવી છે. આ માટે જિલ્લાની નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા હકારાત્મક અભિગમ સાથે આ વિદેશ અભ્યાસ લોન સહાય સહિતની અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની યોજનાઓનો લાભ જરૂરિયાતમંદોને મળી રહે તે માટે સક્રિયતાથી જરૂરી અમલવારી કરવામાં આવે છે.

અનુસૂચિત જાતીના લોકોની નબળી આર્થિક અને સામાજિક પરિસ્થિતિના કારણે અનુસૂચિત જાતીના તેજસ્વી કારકીર્દી ધરાવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જઈ શકતા ન હોવાથી રાજ્ય સરકાર દ્વારા આર્થિક રીતે મદદરૂપ થવા આ લોન સહાય આપવામાં આવે છે, જેથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓનું પણ વિદેશ અભ્યાસનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે.

આ યોજનાનો લાભ મેળવવા માટે મૂળ ગુજરાત રાજયના વતની હોવું અનિવાર્ય છે, સ્નાસતક કક્ષાએ ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યાજ હોય તેઓને પોસ્ટય ગ્રેજયુએટ,પી.એચ.ડી,કે ઉચ્ચા કક્ષાના સંશોધન અને કોમ્પ્યુ લા ટર ક્ષેત્રના અભ્યોસક્રમો અને ધોરણ-૧૨ પછી વિદેશમાં ચાલતા ટેકનિકલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો માટે લોન મળવાપાત્ર છે. રાજયના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૧૨ કે તેથી ઉપરના જે અભ્યાસક્રમને આધારે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવતા હોય તેમાં ૫૦ ટકા કે વધુ માર્કસ ધરાવતા હોવા જોઈશે, તેમજ તેઓ ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા, પી.એચ.ડી. તેમજ તમામ ક્ષેત્રના અન્ય એકથી વધુ વર્ષના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મેળવવાને પાત્ર રહેશે. ધોરણ-૧૦ પાસ કર્યા પછી આઈ.ટી.આઈ.નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્ષ કરેલ હોય અને તે માટેની એન.સી.વી.ટી અથવા જી.સી.વી.ટી.ની પરીક્ષા પાસ કરેલ હોયતો તે વિદ્યાર્થીઓએ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડની ધો. ૧૨ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધો.૧૨ ની સમકક્ષ ગણવામાં આવશે. જે વિદ્યાર્થીએ ધો.૧૦ પછી પોલીટેકનીકમાં ત્રણ વર્ષનો ડીપ્લોમાં કોર્ષ કરેલ હોય તે વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ માટે ધો.૧૨ની સમકક્ષ ગણવામાં આવશે.

વિદ્યાર્થીએ વિદેશ ગમનના છ માસની અંદર પણ અરજી કરી શકે છે. લાભાર્થીએ એક જામીન રજૂ કરવાના રહેશે. આ યોજનાનો લાભ મેળવવા માટે વધુ જાણકારી માટે નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોક નં. ૧/૩, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ ખાતે સંપર્ક કરવાનો રહેશે.

ખાસ લેખ : રોહિત ઉસદડ

### વિવિધ રાજ્યોમાં લોજિસ્ટિક્સ સુગમતા(LEADS) ૨૦૨૪ રેન્કિંગ

# ગુજરાત લોજિસ્ટિક્સ અને કાર્ગો મુવમેન્ટ માટેની સુગમતા માટેની કાર્યક્ષમતા માટે LEADS રેન્કિંગમાં સતત છઠ્ઠા વર્ષે દેશમાં ટોચ ઉપર

(પ્રતિનિધિ દ્વારા)


ગાંધીનગર તા.૪


ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રાલય, ભારત સરકાર દ્વારા આજે ૨૦૨૪ના વર્ષ માટે વિવિધ રાજ્યોમાં લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઉપલબ્ધતા, સરકારી મંજૂરી મેળવવાની સુગમતા અને રાજ્યમાં લોજિસ્ટિક્સને પ્રોત્સાહન આપવા માટેના રાજ્ય સ્તરીય પ્રયાસો ઉપર આધારિત રેન્કિંગ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતે તેની અદભૂત પ્રગતિ ચાલુ રાખીને "એચીવર્સ" કેટેગરીમાં પોતાની પોઝિશન જાળવી રાખી છે, જે રેન્કિંગની ટોચની કાર્યક્ષમ કેટેગરી છે. નવી દિલ્હી ખાતે પિયુષ ગોયલ, કેન્દ્રીય મંત્રી(ઉપભોક્તા મામલા, ખાદ્ય અને જાહેર વિતરણ) તેમજ જતીન પ્રસાદ, માનનીય રાજ્યમંત્રી(ઈલેક્ટ્રોનિકસ, આઈટી, વાણિજ્ય અને ઉદ્યોગ) દ્વારા "લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ(LEADS) ૨૦૨૪" રિપોર્ટ અને રેન્કિંગ જાહેર કરવામાં આવ્યા. તેમજ બંન્ને દ્વારા સન્માનીય એવોર્ડ "Logistics Excellence, Advancement and Performance Shield (LEAPS)" અલગ અલગ કેટેગરીમાં ઈનોવેટીવ અને ટોચનું પ્રદર્શન કરનારી કંપનીઓને પ્રદાન કરવામાં આવ્યો. LEAPS એવોર્ડનો ઉદ્દેશ્ય ઈનોવેશન, સસ્ટેનીબીલીટી, ESG (Environmental, Social and Governance) પ્રેક્ટીસ અને ગ્રીન લોજીસ્ટીકસને પ્રોત્સાહીત કરવાનો છે. ગુજરાતે અગાઉ LEADS સૂચકાંકમાં ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૧ના વર્ષોમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. છેલ્લા ત્રણ વર્ષથી મંત્રાલય રાજ્યોને વિવિધ શ્રેણીઓમાં વર્ગીકૃત કરે છે જેની શ્રેણીઓ "એચીવર્સ", "ફાસ્ટ મૂવર્સ" અને "એસ્પાયરર્સ" છે, જેમાં "એચીવર્સ" ટોચની શ્રેણી છે. ગુજરાતે સતત ત્રણ વર્ષ માટે ટોચની શ્રેણીમાં આ સ્થાન મેળવેલ છે. (વર્ષ ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪) ભૂપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રી અને બળવંતસિંહ રાજપૂત, કેબિનેટ મંત્રી(ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, ગ્રામ વિકાસ, શ્રમ અને રોજગારી)ના વીઝનરી લીડરશીપ હેઠળ રાજ્ય આ સ્થાન મેળવી શક્યું છે, જે ગુજરાત રાજયની સક્રિય નીતિઓ અને સુસંગત માળખાને કારણે શક્ય બન્યું છે. આ બધામાં મુખ્ય ભાગ સુવિધાઓની ઉપલબ્ધતા અને ગુણવત્તા, રાજ્ય સરકાર દ્વારા લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે આપેલી સહાય અને વ્યવસાય સુગમતાનો રહેલો છે. ગુજરાત રાજ્ય હંમેશા આંતરરાષ્ટ્રીય વેપાર માટેનું એક મુખ્ય આર્થિક કેન્દ્ર રહ્યું છે. ૧૬૦૦ કિલોમીટર લાંબી કોસ્ટલાઈન સાથે, ૪૮ નોન-મેજર પોર્ટ્સ અને કંડલા પોર્ટ સાથે, ગુજરાત હંમેશા પોર્ટ અર્થવ્યવસ્થા રહી છે, જે ભારતનો ૪૦% પોર્ટ કાર્ગો હેન્ડલ કરે છે. રાજ્ય અને દેશની આર્થિક વિકાસ માટે ગુજરાત આ સ્પર્ધાત્મક કુદરતી લાભનો સતત ઉપયોગ કરતા રહેવાનો ઈરાદો રાખે છે. આ ઉપરાંત, ગુજરાતે એક વ્યાપક લોજિસ્ટિક્સ માળખાકીય મૂલ્ય શ્રેણી વિકસાવી છે જેમાં દૂરસ્થ વિસ્તારો સુધી પહોંચતા પહોળા માર્ગોની જાળવણી, DMIC, DFC, એક્સપ્રેસ-વે, પોર્ટ વિકાસ, રેલ્વે જોડાણ પ્રોજેક્ટ્સ વગેરે સામેલ છે. રાજ્ય હંમેશા રોકાણ અને માળખાકીય વિકાસ માટે નીતિ આધારિત અભિગમ અપનાવતું આવ્યું છે. ગુજરાત ૨૦૨૧માં લોજિસ્ટિક્સ ક્ષેત્ર-વિશિષ્ટ પોલિસી ધરાવતા પ્રથમ રાજ્યોમાં સામેલ હતું. આ નીતિ ઉપક્રમોના અમલીકરણનું નેતૃત્વ મમતા વર્મા, અગ્ર સચિવ (ઉદ્યોગ અને ખાણ વિભાગ) દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, રાજયમાં કૌશલ્ય વિકાસ માટે મેરીટાઈમ અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે ખાસ ડિઝાઈન કરેલા અભ્યાસક્રમો સાથે સમર્પિત કોલેજો અને સંસ્થાઓ છે. રાજયએ ઓટોમેશન અને ડિજિટલ ઉકેલોમાં પણ મોખરાનું સ્થાન રાખ્યું છે, જેમ કે પોર્ટ ઓપરેશન્સ એન્ડ ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ સિસ્ટમ (POFMS), વાહન ૪.૦ (ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં ૨૦ ફેસલેસ સેવાઓ), PM ગતિ શક્તિ ગુજરાત, અને ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ જેવા ડીઝીટલ ટુલ્સ વિગેરે. LEADS સૂચક આંકમાં અગ્રેસરતા તેમજ ગુજરાતના પ્રયાસો અને નેતૃત્વ, ઉદ્યોગોને આ પ્રબળ લોજિસ્ટિક્સ માળખાકીય સુવિધાઓના લાભ લેવા પ્રોત્સાહન આપશે અને મૂડી રોકાણને આકર્ષશે.



# વેરાવળમાં રસ્તો પહોળો કરવા ગેરકાયદેસર ખડકાયેલ ૩૧ દુકાનો ઉપર પાલીકાનું બુલડોઝર ફરી વળ્યું

### ટ્રાફિકની સમસ્યા હલ કરવા અને ગટરો-માર્જીનની જગ્યા ઉપર દુકાનો બની ગયેલ





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩

વેરાવળના હાર્દસમા પોસ્ટ ઓફિસ રોડ ઉપર માર્જીન અને ગટરની જગ્યા ઉપર ગેરકાયદેસર રીતે બની ગયેલ ૩૧ જેટલી દુકાનો ઉપર પાલિકા તંત્રનું બુલડોઝર ફરી વળ્યુ હતુ. ટ્રાફીક સમસીયા હલ કરવા પાલીકાએ કરેલ કામગીરીને લોકોએ આવકારી શહેરમાં પાર્કીંગ વગરના ખડકાયેલા બિલ્ડીંગો સામે પણ આવી જ કામગીરી કરવા લાગણી વ્યક્ત કરી રહ્યા છે. નવા વર્ષના પ્રારંભે વેરાવળ પાલિકા તંત્રની ડિમોલેશન કામગીરી આગળ ધપી છે જે અંગે માહિતી આપતા ચીફ ઓફિસર ચેતન ડુડિયા અને જેઠાભાઈ સોલંકીએ જણાવેલ કે શહેરના હાર્દ સમા પોસ્ટ ઓફિસ રોડ ઉપર રેયોન હાઉસિંગના રહેણાંક બિલ્ડીંગોની આગળના ભાગની માર્જીન અને ગટરની જગ્યા ઉપર ગેરકાયદેસર રીતે ૩૦ થી વધુ દુકાનો બની ગઈ હતી. જે તમામ દુકાનદાર ધારકોને નોટિસો આપી દુકાનોના દબાણો હટાવી લેવા સૂચના આપી હતી. તેમ છતાં દબાણ ન હટયા હોવાથી આજે સવારે બે જેસીબી સાથે પાલિકાનો સ્ટાફ સ્થળ ઉપર પહોંચી ગેરકાયદેસર રીતે બની ગયેલ ૩૧ જેટલી દુકાનોના દબાણોને દુર કરી જગ્યા ખુલી કરાવી હતી. આ કામગીરી થતા ટ્રાફિકથી ધમધમતો પોસ્ટ ઓફિસ રોડ પહોળો થયેલ જોવા મળતો હતો.

**પાર્કીંગ વગરના કોમ્પલેક્ષો સામે કાર્યવાહી ક્યારે ?**

અત્રે નોંધનીય છે કે જે રીતે પાલિકા તંત્ર શહેરમાં રોડ પહોળો કરી દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરી છે. જેને લોકો આવકારવાની સાથે શહેરમાં મુખ્ય માર્ગોની આજુબાજુ પાર્કીંગ વગર ગેરકાયદેસર રીતે બની ગયેલા કોમર્શીયલ કોમ્પલેક્ષો જે ટ્રાફીક સમસીયા માટે જવાબદાર છે તેવા તમામ સામે પણ પાલિકા તંત્ર કડક કાર્યવાહી કરે તેવી લાગણી અને માગણી વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે પાલીકા આવા કોમ્પલેક્ષો સામે કાર્યવાહી કરે છે કે કેમ તે જોવું રહ્યું.

### સૌરાષ્ટ્ર ભૂમિ અહેવાલનો પડઘો

# માંગરોળના સબ પોષ્ટ માસ્તર વિરૂધ્ધની ફરિયાદને ધ્યાને લઈ કલાર્ક તરીકે નિમણુંક અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૪

માંગરોળ ખાતેના સબ મોસ્ટ માસ્તર પરમાર વિરૂધ્ધ અનેક ફરિયાદો ઉઠવા પામી હતી. સિનીયર સિટીઝન કર્મચારી અને એક નાગરિકને અપમાનીત કરી અને તેને કાઢી મુકતા આ અંગેની ઉચ્ચ કક્ષાએ ફરિયાદ પણ કરવામાં આવી હતી અને જે અંગેના સમાચાર આ જ અખબારમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા અને જેની ઉચ્ચ કક્ષાએ ગંભીર નોંધ લેવામાં આવી હતી. દરમ્યાન પોરબંદરના પોસ્ટ સુપ્રિટેન્ડેન્ટને પત્ર ક્રમાંક નંબર સીપીટી/એમઆઈએસસી/એસએમજે-૨૦૨૪-૨૫ તા.૨૦-૧૧-૨૦૨૪થી આ પોસ્ટ માસ્ટરને કલાર્ક તરીકે નિમણુંક આપી દીધી હતી અને પોસ્ટ માસ્ટર તરીકે મિલન પંડયાની નિમણુંક કરવામાં આવી છે.

## કેશોદના પાણખાણ ગામે આધેડે સેલફોસના ટીકડા પી લેતા મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

કેશોદના પાણખાણ ગામે વાડી વિસ્તારમાં આધેડે પુત્ર વિયોગમાં સેલફોસના ટીકડા પી લેતા મોત નિપજયાનું કેશોદ પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે કાળુભાઈ જશાભાઈ સીસોદીયાએ જાહેર કરેલ કે પોતાના મૃતક ભાઈ પ્રતાપભાઈ(ઉ.વ.૪૦) છેલ્લા ઘણા સમયથી પોતાના દિકરાના મોતથી દુઃખી હોય અને માનસીક ટેન્શનમાં ફરતા હોય જેના લીધે લાગી આવતા પોતે પોતાની મેળે પોતાના ઘરે સેલફોસના ટીકડા પી લેતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

## જૂનાગઢ સહીત સોરઠમાં ઠંડીમાં રાહત

જૂનાગઢ તા. ૪ : જૂનાગઢ સહીત સોરઠમાં ઠંડીમાં રાહત થતાં લોકો ખુશખુશાલ જોવા મળી રહયા છે. જો કે હજુ આવતા દિવસોમાં ઠંડીમાં વધારો થશે તેવી આગાહી કરવામાં આવેલ છે. પરંતુ આજે ઠંડીમાં રાહત રહેવા પામી હતી.

## દ્વારકા જિલ્લામાં વધુ એક બુટલેગરને પાસાનું શસ્ત્ર ઉગામ્યું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થોડા સમય પૂર્વે દારૂ-જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા શખ્સો સામે પોલીસ તંત્રએ કડક હાથે કાર્યવાહી કરી અને "પાસા"નું શાસ્ત્ર ઉગામ્યું હતું. આ સાથે એલસીબી પોલીસે જુદા જુદા કેસમાં સંડોવાયેલા દારૂ પ્રકરણના એક આરોપીને પાસા તળે જેલ હવાલે ધકેલી દીધો છે. પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ જામનગર જિલ્લામાં જામજોધપુર તાલુકાના વાંસજાળીયા ખાતે રહેતા રાજુ મુરૂભાઈ કોડીયાતર નામના ૨૮ વર્ષના શખ્સ સામે થોડા સમય પૂર્વે ઈંગ્લિશ દારૂ સહિતના જુદા જુદા ગુનાઓ નોંધાયા હતા. અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ઉપરોક્ત આરોપી સામે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ સ્થાનિક ગુના શોધક શાખાના પી.આઈ. કે.કે. ગોહિલ તેમજ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારીની ટીમ દ્વારા જરૂરી આધાર-પુરાવાઓ સાથેના દસ્તાવેજો તૈયાર કરાવી અને પાસા અંગેની દરખાસ્ત દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યા સમક્ષ મુકવામાં આવી હતી. જે માન્ય રાખીને ઉપરોક્ત આરોપી રાજુ મુરુભાઈ કોડીયાતર સામે પાસાનુ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ એલ.સી.બી. પોલીસે આરોપી રાજુ કોડીયાતરની વિધિવત રીતે અટકાયત કરી, અને તેને સુરતની લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવાની તજવીજ કરી હતી.

# ખંભાળિયા : લાંબા સમય બાદ બંધ રહેલા નગરપાલિકાના શોપિંગ સેન્ટરની થશે હરાજી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

અત્યંત કંગાળ પરિસ્થિતિમાં રહેલી ખંભાળિયા નગરપાલિકા હવે થોડી સધ્ધર થાય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. આગામી દિવસોમાં ખંભાળિયા નગરપાલિકાના વર્ષો પહેલા નિર્માણ પામેલા અને ઘણા સમયથી બંધ રહેલા શોપિંગ સેન્ટરની દુકાનોની હરાજી અગામી તારીખ ૨૭ મી જાન્યુઆરીના રોજ થનાર હોવાનું જાણવા મળ્યું છે. ખંભાળિયાના ટ્રાફિકથી વ્યસ્ત એવા જોધપુર ગેઈટ ચોકમાં આવેલા પ્રેસિડેન્ટ શોપિંગ સેન્ટર કે જેનું નિર્માણ દોઢ દાયકા પૂર્વે કરવામાં આવ્યું હતું. પરંતુ શાસકોની ઉદાસીનતાના કારણે લાખો રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા આ શોપિંગ સેન્ટરની આ દુકાનોની હરાજી થઈ શકી ન હતી. જ્યારે છેલ્લા કેટલાક સમયથી આ હરાજી માટેની મહત્વની પ્રક્રિયા એવી જમીનને સરકારમાંથી નગરપાલિકાની કરવાની નિયત પ્રક્રિયા માટે વર્તમાન સદસ્યોની ટીમ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવાયા બાદ હવે આ પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે, અને દુકાનોની હરાજી માટેની લીલી ઝંડી સાંપડી છે. પાલિકા સુત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ જોધપુર ગેઈટ વિસ્તારમાં આવેલી સીટ નંબર ૫૧ પૈકીની જગ્યામાં બનાવવામાં આવેલા પ્રેસિડેન્ટ શોપિંગ સેન્ટરમાં આવેલી કુલ ૧૨ દુકાનોની હરાજી આગામી તારીખ ૨૭ જાન્યુઆરીના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે શોપિંગ સેન્ટરના ફર્સ્ટ ફ્લોર ઉપર મુકરર કરવામાં આવી છે. આ હરાજીમાં નિયત નમુનાની અરજી નગરપાલિકાની વોટર વર્કસ શાખામાંથી મળી રહેશે. બુકલેટની નિયતિ રૂપિયા ૧,૦૦૦ જનરલ ટેકસીસ શાખામાં તા. ૨૧ જાન્યુઆરી સુધીમાં ભરીને બુકલેટ મેળવી લેવાની રહેશે. બુકલેટમાં જરૂરી માહિતી ભરીને રૂપિયા બે લાખનો ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા એફ.ડી.આર. સાથે તા. ૨૩ જાન્યુઆરીના રોજ સાંજે ૬ વાગ્યા સુધીમાં આ બુકલેટ નગરપાલિકા કચેરી ખાતે જમા કરાવવાની રહેશે. ઉપરોક્ત રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ કે એફ.ડી.આર. જમા કરાવ્યા સિવાય દુકાનોની હરાજીમાં ભાગ લઈ શકાશે નહીં તેમ જાહેર થયું છે. આ દુકાનોની હરાજીથી નગરપાલિકાને કરોડો રૂપિયાની આવક થશે. અને પાલિકાના કર્મચારીઓના બાકી પગાર, પેન્શન વિગેરેના ચૂકવણાની ગાડી પાટે ચડશે. જે માટે નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી તેમજ પાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફિસર રાહુલભાઈ કરમુર દ્વારા યોગ્ય પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. કુલ ૧૨ દુકાનોની હરાજી માટે ૨૪.૨૨ ચોરસ મીટર ક્ષેત્રફળ વાળી ૧૧ દુકાનની અપસેટ પ્રાઈઝ રૂપિયા ૧૫.૫૦ લાખ નક્કી કરવામાં આવી છે. હાલ આ વિસ્તારમાં રૂ. ૫૦ થી ૮૦ લાખની કિંમતે દુકાનોનું વેચાણ થઈ રહ્યું છે. ત્યારે સંભવિત રીતે અંદાજિત રૂપિયા ૫૦-૫૫ લાખની કિંમતની દુકાન ૧૫.૫૦ લાખ અપડેટ પ્રાઈઝથી વેચાણ થશે.

આ પરિસ્થિતિમાં નગરપાલિકાને વધુ ઊંચી કિંમતે આ દુકાનોના વેચાણથી કરોડો રૂપિયાની આવક થશે તેવું ચિત્ર જોવા જોવા મળી રહ્યું છે. નગરપાલિકાના આ શોપિંગ સેન્ટરના નિર્માણ બાદ ૮ જેટલા પ્રમુખો બદલાઈ ચૂક્યા છે. ત્યારે હવે લાંબા સમય બાદ હાથ ધરાનાર આ હરાજીથી શોપિંગ સેન્ટર ધમધમતું થશે અને નગરપાલિકાને પણ આવક થશે. આ જ રીતે આગામી દિવસોમાં અહીંના પોર ગેઈટ વિસ્તારમાં વર્ષો પૂર્વે નિર્માણ કરવામાં આવેલી અને હાલ બંધ રહેલી શાકમાર્કેટની હરાજીની પ્રક્રિયા પણ હાથ ધરાનાર છે. જેના ફળ સ્વરૂપે આર્થિક રીતે નબળી બની ગયેલી ખંભાળિયા નગરપાલિકાના આર્થિક પ્રશ્નો હલ થઈ શકશે.

## ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા ફટકારતી જૂનાગઢની કોર્ટ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ એન્ડ રૂરલ ડે. બેંક લી. હરણાસા, તા.સુત્રાપાડા, જી. ગીર સોમનાથ, વેરાવળ શાખામાંથી આરોપી ગોવિંદ ભગવાન નાધેરા રે.હરણાસાએ લોન લીધેલ હતી. લોન અંગેની કાર્યવાહી પૂર્ણ થતા લોન મંજુર કરવામાં આવેલી હતી અને તારીખ ૩૦-૭-૨૦૧૮ના રોજ ચડત હપ્તા પેટે રૂા.૬,૦૦,૦૦૦/- છ લાખ પુરાનો ચેક આરોપીએ આપેલ હતો. તે ચેક બેંકમાં નાખતા વગર વસુલાતે પરત ફરેલ જેની ફરિયાદ નામદાર અદાલતમાં દાખલ કરેલ જેના ફોજ. કેસ નંબર - ૨૭૧૧/૨૦૧૮થી ચાલી જતા નામદાર પ્રિન્સિપાલ સિવિલ જજએ પુરાવા અને દલીલોના આધારે આરોપીને તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારેલ અને ફરિયાદીને વળતર પેટે રૂા.૬,૦૦,૦૦૦/- છ લાખ પુરા દિવસ -૩૦માં ચુકવવા. જો સમયમર્યાદામાં ફરિયાદીને વળતર ચુકવવામાં નિષ્ફળ જાયતો આરોપીને ત્રણ માસની સજા ભોગવવાનો હુકમ કરેલ છે. ફરિયાદ પક્ષે બેંકના વકીલ બોરીચાંગર વર્ષાબેન રોકાયેલ હતા. તેમજ તેમના જુનીયર વાલીબેન વદર પણ રોકાયેલા હતા.

# સોમનાથ ખાતે બે દિવસીય એકાદસ રૂદ્રયજ્ઞ-રૂદ્રાભિષેકનો ગઈકાલે પ્રારંભ થયો

(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૪

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ તિર્થમાં ગઈકાલે બે દિવસીય એકાદસ રૂદ્રયજ્ઞ અને રૂદ્રાભિષેકનો પ્રભાસ પાટણના સોમપુરા બ્રાહ્મણ સમાજ બ્રહ્મપુરી ખાતે પ્રારંભ થયો હતો. શૈલપુરી મઠ-તામીલનાડુ ધર્મપુરમ આદિનમ મહાસ્વામી સૈલમ મઠના સ્વામિજી શૈલપુરી અદિનમના અધ્યક્ષપદે આજે બપોર સુધી યોજાશે.

આ યજ્ઞ પ્રારંભે ગઈકાલે ગૌરીકુંડથી બ્રહ્મપુરી સુધીની ધાર્મિક મંત્રો, કળશ અને દક્ષિણના પરંપરાગત વાદ્યો સાથે નગરયાત્રા કાઢવામાં આવેલ હતી. જેમાં તામીલનાડુના પ્રતિષ્ઠીત ધાર્મિક સ્થળો શ્રી રંગમ, રંગનાથ, સ્વામિ મદુરાઈ સહિત રાષ્ટ્રીય ધર્મના અગ્રણીઓ જોડાયા હતા.

સોમનાથ ખાતે પ્રભાસ પાટણ સોમપુરા બ્રાહ્મણ સમાજના પ્રમુખ હેમલ ભટ્ટ સહિત જ્ઞાતિજનો પણ આ ધર્મકાર્યના સહયોગમાં રહયા હતા. પર્યાવરણ અને સમષ્ટીના રક્ષણ માટે અનેકવિધ ઔષધિઓ તથા દ્રવ્યોની યજ્ઞ આહુતિ આપવામાં આવી હતી. આ ધર્મસંસ્થા ભારતના બારે બાર જયોતિર્લીંગમાં આવા યજ્ઞો કરવાનો સંકલ્પ કર્યો છે જેના ભાગરૂપે સોમનાથ ખાતે આ યજ્ઞ યોજાયેલ છે. યજ્ઞનો હેતુ વિશ્વ કલ્યાણ અને સમષ્ટી તથા પર્યાવરણ રક્ષણની શુભભાવના છે.

### અવસાન નોંધ

દશા સોરઠીયા વણિક અશ્વિનભાઈ શાંતીલાલ ગોરસીયા (એ.જે.બુક સ્ટોરવાળા)તે સ્વ.ઈલાબેનના પતિ, સ્વ.તુષારના પિતા, યશ તથા દિવાના દાદાના, જાનકીબેનના સસરા તથા સૌ.બા.ખે.બ્રાહ્મણ ચંદ્રકાન્તભાઈ જમનાદાસ દવે(વડોદરા)ના વેવાઈનું તા.૨-૧-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતની પ્રાર્થના સભા તા.૪-૧-૨૦૨૫ શનિવાર ના રોજ સાંજે ૪-૩૦ થી ૫-૩૦ દરમ્યાન ધારેશ્વર મહાદેવ મંદિર, ભક્તિનગર સર્કલ, રાજકોટ ખાતે રાખેલ છે.

# ખંભાળિયામાં લાયન્સ કલબ દ્વારા આવતીકાલે ડાયાબિટીસ અંગેનો કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા લાયન્સ કલબના ઉપક્રમે આવતીકાલે રવિવાર તારીખ ૫ ના રોજ અહીંના જલારામ મંદિરના પ્રાર્થના હોલ ખાતે ડાયાબિટીસ તથા બ્લડપ્રેશરના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. યુ.કે. સ્થિતી શ્રીમતી ઉર્મિલાબેન મુકુંદભાઈ સામાણીના આર્થિક સહયોગથી યોજવામાં આવેલા આ ડાયાબિટીસ-બીપી કેમ્પમાં સવારે ૯ થી ૧૧ દરમ્યાન દર્દીઓની વિના મૂલ્યે નિદાન કરી, સારવાર આપવામાં આવશે. જેનો લાભ લેવા સંસ્થાના પ્રમુખ સાગરભાઈ ભૂત તથા પ્રોજેક્ટ ચેરમેન હાડાભા જામ દ્વારા નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકાર
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૨૪-૨૫

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યોજના પેટા-વિભાગ નં.૭/૪, રેલ્વે સ્ટેશન પાસે, બીલખા પીન નં.૩૬૨૦૦૧ (ફોન નં.૦૨૮૫-૨૬૮૩૧૪૯) તરફથી ફલડ ડેમેજ રીપેરીંગ ઓફ સી.ડી. જોબ નં. BSN 6 (Phase-I) નીયર વીલેજ ભેસાણ તા.ભેસાણ ડીસ્ટ્રી. જુનાગઢના કામની અંદાજીત રકમ રૂ.૧૮૬૨૫૬.૦૦ તથા બાનાની રકમ રૂ.૨૦૦૦/-નું ટેન્ડર માન્ય યાદીની "ઈ-૨" અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારશ્રીને ન્યુઝ પેપરમાં જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી ટેન્ડર આપવામાં આવશે.

ટેન્ડર આપવાની છેલ્લી તા.૧૫/૦૧/૨૦૨૫ના ૧૮-૦૦ કલાક સુધી

ટેન્ડર પરત કરવાની છેલ્લી તા.૨૧/૦૧/૨૦૨૫ના ૧૮-૦૦ કલાક સુધી


ટેન્ડર ખોલવાની તારીખ ૨૨/૦૧/૨૦૨૫ ના ૧૨-૦૦ કલાક

વિગતો માહિતી માટે ઉકત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/જુના/જા.ખ./૭૮૨/૨૪

### જૂનાગઢ તાલુકાનાં સુખપુર ગામની સીમમાં આવેલ

# ગોકુલ કારખાનામાં ધાબળા ગેંગ દ્વારા ચોરીનો નિષ્ફળ પ્રયાસ : ચકચાર




જૂનાગઢ તા.૪

જૂનાગઢ તાલુકાની સુખપુર ગામની સીમમાં આવેલ ગોકુલ કારખાનામાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ થયાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર તા. ૨-૧-૨૫ કલાક ૩.૫૫ થી ક. ૪.૧૫નાં અરસામાં સુખપુર ગામની સીમમાં આવેલા ગોકુલ કારખાનામાં અજાણ્યા ચોર ઈસમોએ પ્રવેશ કરી ગુનો કરવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવતાં આ બનાવ અંગે ફરીયાદ દાખલ થઈ છે.

ફરીયાદી પિયુષભાઈ માધવજીભાઈ પરસાણીયા (ઉ.વ. ૩૭) રહે. ઝાંઝરડા રોડવાળાએ પોલીસમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે ફરીયાદીની માલીકીનાં ગોકુલ કારખાનાનાં કમ્પાઉન્ડની દિવાલ ટપી કોઈ અજાણ્યા ૪ શખ્સોએ પ્રવેશ કરી ઓફીસનાં મુખ્ય દરવાજાનાં તથા સેફટી ગેઈટનાં તાળા તોડી અંદર પ્રવેશ કરી કોઈપણ ગુનો કરવાનો પ્રયત્ન કરી અને એકબીજાને મદદગારી કરી હોવાનું ફરીયાદમાં દર્શાવેલ છે. દરમ્યાન પ્રસ્તુત સીસીટીવી ફુટેજમાં ધાબળા ઓઢીને કોઈ શખ્સો ગોકુલ કારખાનામાં પ્રવેશ કરતા જોવા મળી રહયા છે. આ સીસીટીવી ફુટેજનાં આધારે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે. દરમ્યાન જૂનાગઢ અને સોરઠ પંથકમાં ઘરફોડ ચોરી અને મિલ્કત વિરોધી ગુનાઓનાં બનાવો સતત વધી રહયા છે. શિયાળાની આ ઠંડી ઋતુમાં મોડી રાત્રીનાં તસ્કર વિદ્યાનાં કારીગર એવા અજાણ્યા ચોર ઈસમો પોતાનું કામ પતાવી અને હાથફેરો કરી લેતા હોય છે. આવા બનાવોનાં વચ્ચે ધાબળા ઓઢીને અજાણ્યા શખ્સો દ્વારા ચોરીનો નિષ્ફળ પ્રયાસ કર્યાનાં બનાવનાં પગલે એવું માનવામાં આવી રહયું છે કે જૂનાગઢ અને સોરઠમાં ધાબળા ગેંગ સક્રિય બની છે અને આ ગેંગ દ્વારા પ્રથમ પ્રયાસનાં રૂપે સુખપુરની સીમમાં આવેલા કારખાનામાં ચોરીનો પ્રયાસ કર્યો છે. પરંતુ કોઈ કારણોસર તેમાં સફળતા મળી નથી. દરમ્યાન આ બનાવ અંગે જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનાં એએસઆઈ એસ.એ. સોલંકી વધુ તપાસ ચલાવી રહયા છે.

# આવતીકાલે ગિરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધા યોજાશે : ભારે ઉત્સાહ




જૂનાગઢ, તા.૪

જૂનાગઢ નજીક આવેલા ગિરનાર ખાતે દર વર્ષે યોજાતી ગિરનાર આરોહણ સ્પર્ધા આ વર્ષે પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આવતીકાલે યુવાનોમાં જોમજુસ્સો અને સાહસ જગાડનારી ગિરનાર આરોહણ સ્પર્ધા યોજવામાં આવનાર છે અને તેનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ગુજરાત રાજયના ૧૨૦૭ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે અને આ સ્પર્ધામાં વિજેતા બનવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ૩૯મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા આવતીકાલ તા.૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ યોજાનાર છે. જેમાં રાજયભરમાંથી ૧૨૦૭ જેટલા સ્પર્ધકો ગરવા ગિરનારને સર કરવા માટે દોટ મૂકશે.

## રાજયભરના ૧૨૦૭ સ્પર્ધકો ગિરનારને આંબવા દોટ મુકશે : તૈયારીને આખરી ઓપ

ગુજરાત રાજયના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર જૂનાગઢ સંચાલિત રાજયકક્ષા ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ગુજરાતભરમાંથી ૪ વય ગ્રુપમાંથી કુલ ૧૨૦૭ સ્પર્ધકો પસંદગી પામેલ છે. જેમાં ગૃપ પ્રમાણે સિનિયર ભાઈઓ ૫૫૮, જુનિયર ભાઈઓ ૩૬૬, સિનિયર બહેનો ૧૪૯, જુનિયર બહેનો ૧૩૪ સ્પર્ધકો ભાગ લેશે. આ ૪ વિભાગના પ્રથમ ૧૦ વિજેતા સ્પર્ધકોને કુલ રૂા. ૮૪૦૦૦૦ના ઈનામો, ટ્રોફી, પ્રમાણપત્રો આપવામાં આવશે

અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા આવતીકાલ તા.૫/૧/૨૦૨૫ના સવારે ૭ કલાકે યોજાનાર છે. પસંદગી પામેલ સ્પર્ધકો આજ તા.૪/૧/૨૦૨૪ના રોજ બપોર પછી ૩ કલાકે સિનિયર ભાઈઓ માટે સનાતન ધર્મશાળા, જુનિયર ભાઈઓ માટે તળપદા કોળી જ્ઞાતિવાડી, સિનિયર - જુનિયર બહેનો માટે ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિની વાડી, ભવનાથ તળેટી જૂનાગઢ ખાતે રિપોર્ટિંગ કરવાનું રહેશે. આ સ્પર્ધા ની પસંદગી યાદી તથા રદ થયેલ નામોની યાદી તથા સ્પર્ધા અંગેની વિગતવાર માહિતી Dydo Junagadh




ફેસબુક આઈડી ઉપર મૂકવામાં આવેલ છે. વધુ માહિતી માટે કચેરીના સંપર્ક નંબર ૦૨૮૫-૨૬૩૦૪૯૦ ઉપર સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.





